ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક


સ્થાપના : ૧૯૬૮

૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧
અંક : ૦૪
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

## અનુક્રમ


- **ભરત મહેતા** ૩
  પ્રધાનમંત્રીનું ભાષણ :
  બાર વર્ષે બાવો બોલ્યો...
- ગેરસમજુ કવિ ૪
- **રાજીવ ભાર્ગવ (મુનિ દવે)** ૫
  લઘુતમ સુઘડ જીવનનો હક
- **ચંદુ મહેરિયા** ૬
  વસ્તીગણતરીમાં અલગ
  આદિવાસી ધર્મકોડની માંગ
- **સંધ્યા ભટ્ટ** ૮
  કોરોના સમયનું સાહિત્ય
- **સિલાસ પટેલિયા** ૧૧
  આયખું
- **ઉમેશ સોલંકી** ૧૧
  ખેતર
- **જશવંત મહેતા** ૧૨
  પાંચમા ધોરણ સુધી
  માતૃભાષામાં ભણતર
- **હરેશ ધોળકિયા** ૧૩
  રજનીશઃ જરાસંધી વ્યક્તિત્વ!
- **નરેન્દ્ર ગૌડ(અનુ. પાર્થ મહાબાહુ)** ૧૫
  બાપુ, ક્ષમાપ્રાર્થી છીએ અમે
- **હિમાંશી શેલત** ૧૬
  એક અપૂર્વ સંવાદ


સૌજન્ય
www.cartoonistsatish.com

## અમે આંદોલનજીવી

મરોડમાસ્તરી તો કોઈ એમની કને શીખે : મારો ઈશારો અલબત્ત વડાપ્રધાન મોદીએ અટકવાનું નામ નહીં લેતા કિસાન આંદોલન સંદર્ભે થોડા દિવસ પર 'આંદોલનજીવી' એ સંજ્ઞા થકી જે સ્પિન કીધો તે ભણી છે.

સાવ સાદું, તરત જ સમજાઈ રહેતું જો કોઈ એક વાનું હોય તો તે એ છે કે વરસેક પરનું કથિત નાગરિકતા સુધાર કાનૂન સામેનું આંદોલન અને હાલનું કિસાન આંદોલન એ બંનેએ ૨૦૧૪ની મોદી ફતેહ અને ૨૦૧૯ની એથીયે મોટી મોદી ફતેહ સામે અને છતાં સંકેલાવાનું નામ નહીં લેતાં, એથી પોતાને અન્-આશ્વસ્ત અનુભવતા સત્તા-પ્રતિષ્ઠાને આ બે આંદોલનોને હસી કાઢવા કે ઉતારી પાડવા આવી સંજ્ઞા રમતી મૂકી છે. જોવાનું એ છે કે વિપક્ષ વર્તમાન સત્તાપક્ષ સામે ખાસ કશી ગજાસંપત વિનાનો વરતાય છે એ જો એક વાસ્તવિકતા છે તો એવી જ એક વાસ્તવિકતા એ પણ છે કે બેઉ આંદોલનોએ ખાસું ગજું કાઢી બતાવ્યું છે. એમાં પણ કિસાન આંદોલન તો ૨૬મી જાન્યુઆરીની બપોર પછી એકદમ જ કેમ જાણે કુંડાળામાં પગ પડી ગયો હોય એમ ઓછું ને પાછું પડી સંકેલાઉં સંકેલાઉં હતું તે પુરાણપ્રશસ્ત દેવહુમા (પોતાની રાખમાંથી ફરી ઊભા થતા) પંખીની પેઠે પ્રભાવક વરતાઈ રહ્યું છે. વિરાટરૂપ દર્શન તે જનતંત્રના સંદર્ભમાં શું, એનો જાણે કે જવાબ જડવામાં છે.

સ્વતંત્ર ભારતે જેપી આંદોલન મારફતે જનવિરાટના સાક્ષાત્કારવત્ એક અનુભવ આ પૂર્વે ચોક્કસ કરેલો છે અને ઈતિહાસમાં ગાંધીઘટના જેવું કશું પૂર્વે થયું હશે કે કેમ એવા સવાલનો કંઈક જવાબ પણ પ્રજાસત્તાકની પહેલી પચીસી ઉતરતે જોયેલોય છે.

૨૦૧૯ પછીનાં જે બે આંદોલનો આપણે જોઈ રહ્યાં છીએ તે જેપી આંદોલનની સરખામણીએ વિરલ અને વિશિષ્ટ છે. એક તો એમાં કોઈ એવી પ્રતિભા નથી જેને તમે જેપી સદૃશ કહી શકો. જરા દૂરાકૃષ્ટ લાગે પણ વિનોબા નવા સમયમાં પરંપરાગત નેતૃત્વને બદલે ગણસેવકત્વની જે જિકર કરતા એવું કાંક તત્ત્વ અહીં અનુભવાય છે.

નવનિર્માણ આંદોલને, રાજકીય પક્ષ જ્યારે જનતાનું ઓજાર મટી નકરા ઈલેક્શન એન્જિનમાં ફેરવાઈ જાય ત્યારે શું થાય એનો સાક્ષાત્કારક પરચો પ્રજાને કરાવ્યો. ગુજરાત વિધાનસભામાં આજની તારીખ લગીનો અભૂતપૂર્વ બેઠકજુમલો હાંસલ કરતે છતે સત્તા અને જનતા વચ્ચે કઇ હદે અલગાવ હોઈ શકે તે નવનિર્માણ આંદોલનના ઘટનાક્રમે બતાવી આપ્યું હતું. જયપ્રકાશે પોતાની અસાધારણ જીવનસાધનાના ઉજાસમાં એમાંથી તારવેલ તત્ત્વ એ હતું કે સ્થાપિત સંસ્થાઓ, સ્થાપિત પક્ષો અને સ્થાપિત પ્રથાઓની બહારથી જ્યારે લોકશક્તિ પરિચાલિત થાય છે ત્યારે યથાસ્થિતિનાં બળો પર પરિવર્તનનાં બળો સરસાઈ મેળવે છે. એક પા સઘળો રાજસૂય માહોલ તો બીજી પા પ્રજાસૂય પ્રભામંડળ, એવું પરિણામકારક ચિત્ર જેપી આંદોલને સ્વરાજની પહેલી પચીસી ઉતરતે આપણી સામે મૂકી આપ્યું હતું.

જનવિરાટના સાક્ષાત્કારવત્ તો જેપી જેવી પ્રતિભાના પ્રભામંડળવત્ એ અનુભવ દેખીતો ટૂંકજીવી નીવડ્યો હશે; અને ભાજપના પૂર્વ અવતાર જનસંઘને તેમ ચાલુ રાજનીતિમાં પાછા પડેલા બીજા ખેલંદાઓને એણે પ્રતિષ્ઠા આપી હશે; પણ એણે પ્રથા બહારનાં પરિબળો વાટે પરિવર્તનની એક કાલીઘેલી પણ પ્રજાસૂય ધખના અંકે જરૂર કરી આપી.

અહીં ૧૯૭૪-૧૯૭૯ના એ ગાળાની વિગતે ચર્ચા કરવાનો ખયાલ નથી. માત્ર, જેપી આંદોલન અને વર્તમાન આંદોલન બેઉને સાથે મૂકી આપી એમની વચ્ચેના ભેદમાં રહેલી નવશક્યતાઓને સમજવાનો ખયાલ જરૂર છે. જેપી આંદોલનમાં જેમ નવી રાજનીતિના સંકેતો હતા— અને હતા જ — તેમ એક પ્રકારે પથસંસ્કરણનીયે પ્રક્રિયા એ હતી. ઈંદિરા ગાંધીના એકાધિકારવાદનો વિરોધ પોતાને સ્થાને બરાબર હતો, બરકરાર હતો. પણ સ્વરાજનો જે વિમર્શ સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન ઉભર્યો, ગાંધીનહેરુપટેલની સ્વરાજત્રિપુટીના શાસનમાં જેનો સ્વીકાર પડેલો હતો અને ભગતસિંહ-સુભાષ સરખી સ્વાતંત્ર્યપૂર્વ ધારાઓ તેમ જેપી-લોહિયા-કૃપાલાનીના સ્વરાજ પછીનાં કૉંગ્રેસબાહ્ય સંચલનો, સર્વમાં જે વાનાં સર્વસામાન્ય પડેલાં હતાં તે દેશના બિનસંપ્રદાયિક-સર્વધર્મસમભાવી સ્વરૂપના અને આર્થિક -સામાજિક ન્યાયનાં હતાં. ઈંદિરા ગાંધીએ એક તબક્કે આ એકંદર વિમર્શને ખોરવ્યો-ખોટકાવ્યો તે સંદર્ભમાં પ્રજાસૂય પ્રતિકાર વાટે પથસંસ્કરણ (કોર્સ કરેક્શન)ની જેપી ચેષ્ટા હતી. સ્વરાજની લડતમાં રાષ્ટ્રનો ખયાલ કોઈ અમૂર્ત વિભાવના કે સંપ્રદાયવાદથી ઉફરાટે વિકસ્યો અને 'પોલિટિક્સ એઝ પીપલ મેટર' એ અભિગમનાં બીજ નખાયાં તેની જ તરજ પરનો તાનવિસ્તાર સમાજવાદ અને સર્વોદયની ધારાઓના એકત્રીકરણથી સંભવ્યો હતો. પરમહંસદેવની સર્વધર્મસાધના અને એમની ગાદીએ આવેલ વિવેકાનંદની દરિદ્રનારાયણની સંકલ્પનાએ દેશના ગાંધી-રાજકારણમાં સંપ્રદાયમુક્ત તેમ માનવ્યમંડિત રાષ્ટ્રના ખયાલને ઉપસાવ્યો. નહેરુપટેલનું શાસન હો કે લોહિયા-કૃપાલાણીનો પ્રતિપક્ષ અગર જેપીની લોકનીતિ એમાં આ વિમર્શની વ્યાપક સ્વીકૃતિ છાયાભેદે, ઝોકફેરે હતી તે હતી. થઈંદિરાઈ સામેની (તત્ત્વતઃ જોકે 'પોલિટિક્સ ઍઝ પીપલ મૅટર' માટેની) જેપીની લડાઈ આ સંદર્ભમાં પથસંસ્કરણ માટેની સવિશેષ હતી.

૨૦૧૪-૨૦૧૯માં રાષ્ટ્રીય સ્તરે જેની વિધિવત પ્રતિષ્ઠાનો સત્તામંડિત ખયાલ આપણી સામે આવ્યો તે સાવરકર અને ઉત્તર ઝીણાની ફ્રિક્વન્સી સાથે ગળથૂથીગત સંબંધ ધરાવતો હતો અને છે. એની સામેના આંદોલને પથસંસ્કરણ માત્રે નહીં અટકતાં લોકને સ્થાને 'રાષ્ટ્ર' ભણીના નવા વિમર્શનો જે વિચારજગન મંડાયો છે એના વિકલ્પે સ્વરાજધારાના અગ્રચરણનો વિમર્શ ઘૂંટવાનો છે. શાહીનબાગ છેડેથી દિલ્હીના અલગ અલગ સીમાડે ખડી થયેલ રાવટીઓ 'રાષ્ટ્ર' સરકારની હાટડીઓ સામેના જનવિકલ્પના ઝંડાબરદાર શી છે.

એમાં કોઈ જેપી-લોહિયા-કૃપાલાણી દેખીતા હાજર ન હોય પણ એમની હાજરી અને સામેલગીરી 'ઑક્યુપાય વૉલસ્ટ્રીટ'ની સ્વૈચ્છિક ગિશ્ત છાવણીઓ પરના પેલા ગાંધીકાર્ટૂન શી રૂબરૂ છે કે 'એ જો હોત તો અહીં જ હોત.' જેમને કારણે ભારત સહિત વિશ્વમાનવતા સમસ્તની આ નવપ્રસ્થાનયાત્રા સંભવી છે તે મંડળીને બીજો કોઈ વિકલ્પ ન જણાય તો લોકાયની તરીકે જરૂર ઓળખાવી શકીએ. સ્થાપિત વાદો અને તેની આસપાસનાં સરકારસંધાનો (જેમ કે એક કાળનાં રશિયા / અમેરિકા) માં ગંઠાયા વિના નવી ને ન્યાયી દુનિયા માટેની લોકકેન્દ્રી જદ્દોજહદને વરેલી આ જમાત છે. નવરચનાના સિપાહીઓ વચ્ચે અરુણ વૈતાલિક શી તો વૈતાલિકો વચ્ચે સિપાહી શી બૌદ્ધિક કર્મશીલો કે કર્મશીલ બૌદ્ધિકોની આ મંડળી છે. પોતે જે કેડરમાંથી આવી ચાવીરૂપ સંગઠનાત્મક શૈલીએ આંદોલનમાં પડ્યા (અને લાભ્યા) એના કરતાં આ જે એક ન્યારી મંડળી ઊભરી રહી છે એને માટે કદરબૂજની ઈન્દ્રિય હાલના સત્તા-પ્રતિષ્ઠાન કને જણાતી નથી. માત્ર, એની હાંસી કરી શકાય એ પ્રકારે ગ્રંથિમોક્ષની ચેષ્ટા એમની કને હોય તો હોય. 'આંદોલનજીવી' સંજ્ઞા એમાંથી આવેલી છે.

ઈંદિરા ગાંધીને સઘળે સીઆઈએનાં દર્શન થતાં હતાં ત્યારે એકવાર પિલુ મોદી એમના શ્વાનરત્નને 'હું સીઆઈએ એજન્ટ છું' એવો ગલપટ્ટો પહેરાવી સહેલગાહે નીકળ્યા હતા. પણ અબી હાલની મરોડમાસ્તરીની પૂંઠે રહેલી માનસિકતા એટલી સહેલાઈથી હસી કાઢી શકાય એમ નથી. નવા વિમર્શની ફાટતી પ્હો ભીતભ્રાન્ત દિલોદિમાગની પહોંચ બહાર છે તે છે. સત્તા-પ્રતિષ્ઠાન 'રાજનીતિ નહીં પણ રાષ્ટ્રનીતિ' પ્રકારની તર્કાતર્કી કરે છે. જેવી કહેશે, ભલાભાઈ, પ્રશ્ન રાજનીતિથી લોકનીતિનો છે... એલિમેન્ટરી, માય ડિયર વૉટ્સન!

પ્ર.ન.શા.


✻ 'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.
✻ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-
(વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-
✻ વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે (પાન નં.૨૪) મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.



✻ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોનઃ ૨૬૫૬૨૮૦૬)
✻ બ્લૉગ : nirikshakgujaratipakshik.wordpress.com
તંત્રી : પ્રકાશ ન. શાહ - E-mail : editor.nireekshak@gmail.com
સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી
E-mail : vipoolkalyani.opinion@btinternet.com
સંપાદક : કેતન રુપેરા - E-mail : ketan.nireekshak@gmail.com



લવાજમ ભરવા માટે સરનામાં

| | |
|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ |

**જા.ખ.ના દર**

| | |
|---|---|
| **આવરણ-૪** | રૂ. ૪૦૦૦/- |
| **આવરણ-૩** | રૂ. ૩૦૦૦/- |
| **અંદરનું આખું પાનું** | રૂ. ૨૦૦૦/- |
| **અંદરનું અડધું પાનું** | રૂ. ૧૦૦૦/- |
| **સેન્ટર સ્પ્રેડ** | રૂ. ૪૦૦૦/- |
| **પુસ્તકોની જા.ખ.** | અડધા દરે |

# પ્રધાનમંત્રીનું ભાષણ : બાર વર્ષે બાવો બોલ્યો... / ભરત મહેતા

સંસદના સત્ર દરમ્યાન કૃષિબિલના રાષ્ટ્રપતિના સંબોધન પછી વિપક્ષે ઉઠાવેલા મુદ્દાઓનો જવાબ આપવાના બદલે કોઈ ચૂંટણીની સભાને સંબોધતા હોય એમ પ્રધાનમંત્રીએ જબરજસ્ત ભાષણ ઠપકાર્યું. એમની શબ્દરમતની શૈલીમાં હળાહળ જુઠાણું હોય છે- એ નાનું છોકરુંય જાણતું થઈ ગયું છે, જેમકે એમણે કિસાન આંદોલનની હવા કાઢી નાખતાં હોય એમ કહ્યું એમ.એસ.પી. હતો, છે અને રહેશે. અરે સાહેબ! હાલમાં જ તમે સુપ્રીમ કોર્ટમાં ઍફિડેવિટ કરી છે કે એમ.એસ.પી. આપી શકાય તેમ નથી! તમે કહો છો કે કૃષિકાનૂન પાછા ન ખેંચી શકાય. પણ આંદોલન થતાં સત્તર સુધારા કરવાની ફરજ કેમ પડી? એવી ઉતાવળે ધ્વનિમતથી બિલ પાસ કેમ કર્યું? તમે હંમેશાં કાચું કાપો છો અને પછી એનું તર્કશાસ્ત્ર ઊભું કરો છો! નોટબંધી એનું સર્વોત્તમ ઉદાહરણ છે. વિપક્ષતો ઠીક પણ પક્ષનુંય નહીં સાંભળવું અમને વિભીષણની યાદ આપે છે. હાલમાં કેટકેટલા સાંસદો, ધારાસભ્યોએ જાહેરમાં અને ખાનગીમાં તો એથી વિશેષ કૃષિબિલનો વિરોધ કર્યો છે. જે તમારા કે તમારા સાથીપક્ષના ઉમેદવારો છે.

તમે હંમેશાં ભેદભાવ કરવામાં માહિર છો. તમે કહ્યું, આ બિલ નાનાં ખેડૂતો માટે છે. બિહારમાં તમારું રાજ તપે છે. ત્યાં APMC કેમ ૨૦૦૫થી બંધ છે? ત્યાંનો કિસાન કેમ પેદાશ વેચવા પંજાબ જાય છે? ત્યાં APMC ACT કાઢી નાખ્યા પછી કિસાનોની હાલત બદથી બદતર થઈ છે. આજ સુધી તમે આ બિલ નાનાં ખેડૂતો માટે છે એ કહ્યું નથી. કૃષિબિલનો સહુથી ખતરનાક સુધારો એ છે કે હવે સંગ્રહાખોરી કાળાંબજાર કે ગુનો નહીં ગણાય! શું આ સુધારો નાના ખેડૂતો માટે છે કે મસમોટ્ટા સંગ્રહાખોરો માટે? તમે જ્યારે કાયદેસર અન્યાય કરો તો લોકો આંદોલનજીવી ન થાય તો શું થાય? તમે કહો છો કે કેટલાંક લોકો પ્રચારમાં રહેવા માટે કોઈ પણ આંદોલનમાં જોડાઈ જાય છે. સાહેબ, સહુથી વધુ પ્રચારની ઘેલછા તમને છે. પેટ્રોલપંપ હોય કે ગ્રંથનિર્માણબોર્ડની સી.ડી., તમારો ફોટો તો જોઈએ જ. તમને કેટલાક કેમેરાજીવી પણ કહે છે. વિનાશકાળે વિપરીત બુદ્ધિની જેમ સક્રિય નાગરિક નિસબત ધરાવનારાઓને આંદોલનજીવી કહો છો? તમારી ધરપકડની ચિંતા વિના એ લોકો લખે છે. હાલમાં સહુથી મોટા ગજાના લેખકો જેલમાં સબડે છે! સૌથી તાજું ઉદાહરણ કિસાન આંદોલનને બતાવતો મનદીપસિંહ, જેને તમે કોર્ટ સામે રજૂ કર્યા વિના જેલમાં ધકેલ્યો. જેના અંગે પ્રજામત ઊભો થતાં તમારે તાત્કાલિક છોડવો પડ્યો! આ તમારી હાર છે. જેલમાં જવાનો ડર હવે લોકોમાંથી નીકળી રહ્યો છે. રામ અને લક્ષ્મણને જંગલમાં ફરનારા બે વનવાસી ગણીને માથાફરેલ રાવણે અને કૃષ્ણને કેવળ ગોવાળિયો ગણીને કંસે મોતને નોતર્યું હતું. કંસની જેલમાં જ કૃષ્ણનો જન્મ થયો હતો, એ તમારે યાદ રાખવું જોઈએ. પ્રચારની ઘેલછા આંદોલનજીવીઓને નથી, તમને છે. હમણાં જ થયેલી સંજય મહેતાની R.T.I માં ૨૬/૫/૨૦૧૪ થી ૯/૧૦/૨૦૧૯નો તમારો પ્રચારખર્ચ બહાર આવ્યો છે. જે આંકડા છે, ૫૫,૧૪,૨૫,૧૨,૪૯૦/- રૂપિયા! ૧૦/૧૦/૨૦૧૯થી ૧૦/૦૨/૨૦૨૧નો તો બાકી! સાહેબ આંદોલનકારીઓને કાળી ટીલી લગાવતાં પહેલાં તમારી આંગળી કાળી થાય છે. આને પ્રચારજીવી પ્રધાનમંત્રી ન કહેવાય તો શું કહેવાય? ગાંધીજી હોય કે જયપ્રકાશ નારાયણ આંદોલનજીવી જ હતા. કોઈપણ લોકતંત્રમાં આંદોલન જરૂરી હોય છે. દા.ત., લોકપાલબિલ અને કૉંગ્રેસકાળની મોંઘવારી સામે થયેલું અન્ના હજારેનું આંદોલન હતું ત્યારે અન્ના, કેજરીવાલ, કિરણબેદીની સાથે લાખો આંદોલનકારીઓ હતાં જ! લોકપાલની માંગણી બાજુ પર મૂકી કિરણ બેદી રાજ્યપાલ બની ગયાં! પેટ્રોલના ભાવની રાડો પાડનાર રામદેવબાબાને ઉત્તરાખંડમાં પાણીના ભાવે એકરની એકર જમીન આપી તમે ધંધો કર્યો. અન્ના પણ ચૂપ! પણ એ લાખો આંદોલનકારીઓ નથી થાક્યા એટલે કોઈ પણ પક્ષ હોય એ પ્રતિરોધ કરશે જ.

વળી, તમે એ ભેદ પાડ્યો કે તમે રાષ્ટ્રનીતિમાં માનો છો કે રાજનીતિમાં એ નક્કી કરો! સાહેબ, મને આશ્ચર્ય થાય છે કે તમે ખરેખર પોલિટિકલ સાયન્સ ભણ્યા છો ખરા? રાજનીતિથી જ રાષ્ટ્રનીતિ નક્કી થાય છે. તમને પસંદ કરવાની રાજનીતિમાં લોકો થાપ ખાઈ ગયાં, એટલે આજે પ્રજાએ લોકવિરોધી રાષ્ટ્રનીતિનો બોજ ઉઠાવવો પડે છે.

૭૭ મિનિટના તમારા ભાષણમાં તમે એક સેકન્ડ પણ ત્યાં મરી ગયેલા, આત્મહત્યા કરેલા ૧૭૦ ખેડૂતોને અંજલિ આપવામાં વેડફી નથી! આ શું તમારી માનવીયતા છે! આ અમાનવીયતા બતાવે છે કે તમારી પાસે દિલ જેવું કંઈ નથી. મારા જેવાને હતું કે તમારી પાસે દિમાગ જ નથી, પણ દિલ પણ નથી! તમે કેવળ પક્ષના નહીં ભારતના પ્રધાનમંત્રી છો. આ આંદોલનજીવી કે આંદોલનમાં મરનારાં ભારતના નાગરિકો છે. એને વિરોધ કરવાનો હક છે. એમની ઠેકડી ઉડાડવી તમારી ગરિમાને હાનિ પહોંચાડનાર છે. એ બરોબર છે કે તમે કોઈ આંદોલન નથી કર્યું, એટલે આંદોલનકારીની પ્રતિબદ્ધતા શું હોય એ તમને નહીં સમજાય. કુરબાની પર કોણ હસી શકે? આવી ક્રૂરતા તો કોઈ તાનાશાહની યાદ આપે. તમારાં વક્તવ્યો પર પડતી તાળીઓ પીડાદાયક છે. આંદોલનમાં બેઠેલાં વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓને સલામ મારવાના બદલે તમે ઠેકડી ઉડાવી? ખરેખર જ તમને રસ હોય, તો કૃષિબિલના ફાયદા પર તમે કે રાષ્ટ્રપતિ વ્યાખ્યાન આપોને ! જે તમે આજ સુધી બતાવી શક્યા નથી. ભારતના બુદ્ધિજીવીઓ આંદોલનો સાથે આજથી નહીં અંગ્રેજોના સમયથી જોડાયેલા છે. ગાંધી વકીલ હતા, છતાં ચંપારણના કિસાનો માટે પહોંચી ગયા હતા. તેલંગણામાં બુદ્ધિજીવીઓ નહેરુ સામે લડ્યા હતા અને જમીનદારી સામે કાયદો લાવેલાં. નંદિગ્રામમાં માર્ક્સને ટાટા કરનાર અને ટાટા માટે લાલ જાજમ પાથરનાર સામ્યવાદીઓ સામે કિસાનો લડ્યા, ત્યારે પણ બુદ્ધિજીવીઓ કિસાનો સાથે હતા!

તમે M.S.P.ની માફક સુપ્રીમ કોર્ટમાં અને સંસદમાં જુદું-જુદું બોલો છો! તમારાં બેવડાં ધોરણો છે. એક બાજુ કહો છો કે કાયદો રદ નહીં થાય, બીજી બાજુ કહો છો કે હમણાં બે વર્ષ સ્થગિત છે! કાયદો સ્થગિત કેમ છે? આંદોલન વિના તમે સ્થિગિત કરત? ગામડે-ગામડે ચાલતું આંદોલન પાટનગરના પ્રાંગણમાં પહોંચ્યું, ત્યારે તમે સુધારાઓ કરવા માંડ્યા! બાકી, તમારા દોસ્તાર અડાણીએ તો હરિયાણામાં ઠેરઠેર ગોડાઉનો બનાવી દીધાં હતા! હજુ કાયદો આવ્યો પણ નથી, ત્યાં આ અડાણીનાં ગોડાઉનો શાનો પુરાવો છે? એ અદ્યતન ગોડાઉનો વિગતે બતાવનાર પત્રકાર ઉપ્પલ પર જીવલેણ હુમલો થયો છે. ઉપ્પલનો વીડિયો તમારી ઉદ્યોગપતિ સાથેની મિલીભગત પર્દાફાશ કરે છે. તમે એક વાત કરી કે કિસાન ક્રેડિટ યોજના, ફસલ વીમાયોજના અમે લાવ્યા છીએ. અરે ભાઈ! આ જૂની યોજના છે, જેમાં ભ્રષ્ટાચાર સારી પેઠે ચાલે છે. આજે ૧૨ કરોડ નાના ખેડૂતો છે, ૪૦ કરોડ ભૂમિહીન ખેડૂતો છે એ માટેની કોઈ નવી નીતિ લાવોને? બિહાર, ગુજરાત, યુ.પી. કેટલાં રાજ્યો છે તમારી પાસે, એ રાજ્યોમાં આટલાં વર્ષોમાં તમે કંઈ કર્યું છે? તેલંગાણામાં હજારો ખેડૂતોએ બલિદાન આપ્યું, ત્યારે જમીનદારીનો કાયદો રદ થયો. તેથી નાના ખેડૂતોની વાત કરીને જૂઠું ન બોલો. મેં ગુજરાતમાં તમને એમને માટે કંઈ કરતાં જોયા નથી. ગરીબ ખેડૂત માટે શું થઈ શકે એ શીખવા ચીનના સરકારી માણસો કેરળમાં કેમ આવ્યા કરે છે? ગુજરાતમાં કેમ નહીં? ખેતી છોડીને ભૂમિહીન ખેડૂતો શહેરોમાં આવેલા ત્યારે તમારા એકાએક ઝિંકાયેલા લોકડાઉને દોઢસો મોત ! તમે કયા ગામડામાં એ લોકો માટે નવાં હેલ્થસેન્ટર કે શાળાઓ ખોલી? તમે નાના

ખેડૂતોની વાત કરો છો, તો આ જવાબ આપો.

કિસાન-આંદોલન માટે દુનિયાભરમાંથી મોટાં રાજનેતાઓનાં બયાન આવે છે, ત્યારે આપ એની ગંભીરતા સમજવાના બદલે ગર્જના કરો છો કે આપણે લોકતંત્ર દુનિયા પાસેથી શીખવાની જરૂર નથી! ગોળવલકરની ચોપડીઓ છોડીને બીજું વાંચો. ફ્રાંસની ક્રાંતિ વિના લોકતંત્ર દુનિયામાં આવ્યાં જ ન હોત! તમે પ્રોપેગેંડાની રાજનીતિ છોડો તો જ લોકતંત્રનો વિકાસ થાય. એ બેઉ એકસાથે નહીં ચાલે. તમારા આ શાનદાર ભાષણનો છેડો ભાજપના આઈ.ટી.સેલ.ના અમિત માલવિયા સાથે જોડાય છે. પક્ષીય પ્રોપેગેંડાનું વ્યાખ્યાન પ્રધાનમંત્રીએ ન અપાય. માધ્યમોમાં મુખ્યધારાના પત્રકારો, કૉર્પોરેટ સંચાલિત માધ્યમો, ટ્રેલસેના પ્રોપેગેંડા કર્યા જ કરે છે. તમે હજુ ધરાયા નથી કે સંસદમાં પણ પ્રોપેગેંડા જ કરો છો! કૃષિમંત્રી પણ તમારા જેવું જ બોલે છે. શ્રી નરેન્દ્ર તોમરે કહ્યું કે આ કાયદાને કાળો કહેવાય છે, એમાં કાળું શું છે? સૌથી પહેલાં તો બંધારણીય ભંગ થયો. કૃષિસુધારા રાજ્યની સ્વાયત્તતા છે એમાં કેન્દ્રની દખલગીરી એ જ બતાવે છે કે તમને કોઈ. વિશેષ રસ છે. તમારી ચતુરાઈ તો કાબિલેદાદ છે. બચાવમાં તમે કૉંગ્રેસને પણ સાથે લઈ લો છો. કૃષિસુધારણાની વાત કૉંગ્રેસના મૅનિફેસ્ટોમાં પણ હતી, એ દર્શાવી તમે શું સાબિત કરવા ઇચ્છો છો? કદાચ એટલે જ કિસાનોએ કૉંગ્રેસને મત નહોતા આપ્યા. તમારાં મૅનિફેસ્ટોમાં કૃષિબિલ ન હતું. તમે સત્તાપ્રાપ્તિ પછી દગાબાજી કરી ગણાય. સુધારો તો એ ગણાય કે સંપત્તિશાળીને વધુ ટૅક્સ લગાવી ખેડૂતોને સહાય અપાય. અત્યારે જે પૈસા આપો છો ૨૦૦૦ રૂપિયા એ ૧૧ કાર્યરત યોજનામાંથી પૈસા કાપીને આપો છો. વળી, એમાં ૪૦ કરોડ ભૂમિહીન ખેડૂતો તો આવતા જ નથી! કૃષિ-સુધારામાં ખરેખર રસ હોત, તો આ ૪૦ કરોડ માટે કંઈક કરવામાં આવ્યું હોત. પડ્યા પર પાટુ મારતા હોય એમ તમે કહ્યું કે રેશનકાર્ડ પર મળતું અનાજ મળશે જ! સાહેબ, આ તો વરસોથી ગરીબોને મળે જ છે. હકીકતે સાંભળ્યું છે કે એ પણ હવે ખાનગી લોકો દ્વારા વેચાવાનું છે. રેશનકાર્ડની દુકાનો બંધ કરી આઉટસૉર્સિંગ દ્વારા સીધું ઘર મળશે!

ટૂંકમાં, સરવાળે પ્રધાનમંત્રીનું સંસદમાં અપાયેલું શાનદાર ભાષણ ફેસબુક કે વૉટ્સએપ પર ફરતાં સંદેશાનું જ એક રૂપ હતું. પ્રધાનમંત્રીનું ભાષણ એની કૉપીપેસ્ટ હોઈ શકે નહીં. F.D.I.નું આવું નામ! ફૉરેન ડિસ્ટ્રીક્ટિવ આઇડિયોલૉજી. ઇન્ટરનેટ ક્યાંથી આવ્યું? ટી.વી. ક્યાંથી આવ્યું? આધુનિકકાળની ઘણી સિદ્ધિઓ વિદેશથી જ મળેલી છે. તમે જે સેટેલાઇટથી વાત કરો છો એ વિદેશથી આયાત કરાયેલ છે. F.D...નું નવું નામકરણ નરી છોકરમત લાગે છે. સાહેબ, મિ. મુંજે ઇટાલીમાં કોને મળેલા એ તમને યાદ જ હશે! આશા રાખું છું કે મારા પ્રધાનમંત્રી આવી છોકરમતમાંથી વેળાસર બહાર નીકળે.

**કેફિયત**

## ગેરસમજુ કવિ / ભરત મહેતા

મને
ઘરમાં, ઑફિસમાં, ગલીમહોલ્લામાં, સભાસમિતિમાં
સહુ સમજાવે છે
સમજો જરા સમજો

આ આંદોલન-ફાંદોલન નથી!
આ બધાં કિસાન ફિસાન નથી!
નવરાં છે બધાં નવરાં
ખાલિસ્તાની છે, નક્સલી છે, પૈસા મળે છે એટલે આવ્યાં છે!
રબડીલસ્સી પી ને,પિત્ઝાં બિત્ઝાં ખાઈને જલસા કરે છે!
ફૉર્ચ્યુનર ફેરવે છે!

મનેય પૂછવાનું મન થાય છે
શું આ બધાં કરોડોઅબજો લઈને ભાગી જતાં બૅંકના ડિફૉલ્ટરિયાઓ છે?
જેમના અબજો રૂપિયા ચપટી વાગતામાં જ માફ થઈ જાય
ને પાણીના મૂલે સમંદર ખરીદે છે એ શેઠિયાઓ છે?
કોક વળી સરકારની તિજોરી સંભાળતો હોય એમ ડારો દે છે
તમને ખબર છે સરકાર એમને સબસિડી આપે છે ?
ભૈ,મને એટલી જ ખબર છે કે એમને હજુ કોઈ સીડી મળી જ નથી!

પણ માનોને મારું મગજ બહેર મારી ગયું છે
મને તો વાંચેલા ભગતસિંહ હરતાં ફરતાં દેખાય છે!
કાનમાં ગુંજ્યા કરે છે 'પગડી સંભાલ જટ્ટા'..
એમને આંદોલનમાં કબડ્ડી અને કુસ્તી ખેલતાં જોઈને
કોને કવિતા કરવાનું મન ન થાય?

હાડ ગાળતી ઠંડીમાં, છોડને ફૂટેલી કૂંપળ જેવા
આઠ મહિનાના બાળને લઈને બેઠેલી મા
મને કોઈ દેવીદેવતાથી ઊતરતી નથી લાગતી! એને જોઈને
કોને કવિતા કરવાનું મન ન થાય?

પત્રકારોને માથું ખજવાળતાં કરી મૂકતી એમની
ધાણીફૂટ દેશી ભાષા તો જાણે ખેતરમાં ફરતું હળ!
સરકારી બિલ પર વાત કરતાં-કરતાં
ખાધેલી તંબાકુની પિચકારી મારતાં જોઈને,
હુક્કાની ગૂડગૂડાહટમાં હક્કની ગૂડગૂડાહટ સાંભળીને,
કોને કવિતા કરવાનું મન ન થાય?

કોક વળી કહે છે તમે ખેડૂત છો કે મંડી જ પડ્યા છો?
ના,ભૈ, ના
મેં તો દૂરથી જ જોયાં છે એમને
દુ:ખને દળી ખાતાં
પાણી ભરેલાં ખેતરાંમાં સૂરીલાં ગીતો ગાતાં, ડાંગર રોપતાં
દાર્જલિંગમાં ચાની પત્તી વીણતાં
બિહારમાં કોસીના પૂરમાં તણાઈ જતાં એમનાં ઝૂંપડામાં
કીડી જેવડું કરજ,હાથી જેવડું થૈ જતાં મરતાં
પણ હમણાં-હમણાં એને શું થયું છે કે
વગર ગાંધીએ દિલ્હી દોટ દીધી છે!એ જોઈને
કોને કવિતા કરવાનું મન ન થાય?

તમે સમજદારો જેની દિવસરાત રાડો પાડો છો ને
એ મોંઘવારી એણે તો નથી વાવીને?
મોંઘવારી વાવનારાનાં ગીત તમે ગાજો,
મને રોટલાનું ઋણ ચૂકવવા દો
મારી ગેરસમજનાં ગીત ગાવા દો!

# લઘુતમ સુઘડ જીવનનો હક / રાજીવ ભાર્ગવ

(ગઈ કાલે – ૭ ફેબ્રુ. ૨૦૨૧ - ઉત્તરાખંડમાં જે આપદા આવી, જેમાં ૧૦૦થી વધારે લોકોનાં મોત થયાં, તેને કુદરતી ન ગણતા સરકારની બેદરકારી ગણવી જોઈએ. કારણકે અનેક પર્યાવરણવિદોએ પહોળા રસ્તા અને વીજમથકો બાંધવા માટે પહાડો અને જંગલો ન કાપવાની સલાહ આપેલી, તેને કારણે ભૂસ્ખલન, અતિવર્ષા, નદીઓમાં પૂર જેવી શક્યતાઓની આગહીઓ પણ કરેલી, તેમ છતાં બન્ને પક્ષની સરકારોએ વિકાસના નામે આ કામો ચાલુ રાખ્યાં. સુપ્રીમકોર્ટના આદેશોને પણ અવગણેલા. તે નિમિત્તે આ લેખ પ્રાસ્તવિક લાગે છે. ક્યાંક તો સરકારની જવાબદેહી નક્કી થાય અને જવાબદાર રાજકારણીઓને સજા થાય. **અનુ.**)

૨૦૧૯ના જૂન મહિનામાં બિહારના મુઝફ્ફરપુરની શ્રી ક્રિષ્ના મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં ૨૪ કલાકમાં ૧૦૦ થી વધારે બાળકોનાં આરોગ્યસંભાળની સિસ્ટમની નિષ્ફળતાને કારણે મૃત્યુ થયાં, આ નિમિત્તે મારા મનમાં ત્રણ વિચાર આવ્યા. (આવું જ નજીકનાં વર્ષોમાં યુપી, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પણ બન્યું.)

પહેલા તો, જેમ સંવિધાનમાં મૂળભૂત ઢાંચા વિષે સિદ્ધાન્તો છે, તેવી રીતે પાયાના (basic) હકો વિષે પણ એટલી જ સ્પષ્ટતા સાથે વ્યાખ્યા થવી જોઈએ એ સમય હવે પાકી ગયો છે. બીજું આ પાયાના હકો પ્રત્યે રાજ્યએ હકારાત્મક દૃષ્ટિ રાખવી પડશે, તે રાજ્ય સામે અવરોધરૂપ (નકારાત્મક હકો) છે, તેમ માનવા કરતાં તે માટે કોઈ વ્યવસ્થા ઊભી કરવી પડશે તેમ માનવું. ત્રીજું, કાયદાકીય કલમોની અવગણના માટે જેમ કોઈ વ્યક્તિને સજા થઈ શકે છે તેવી જ રીતે સરકારોને પણ નાગરિકોના પાયાના હકોની અવગણના કરવા માટે સજા થવી જોઈએ. આ સજા માટે હવે પછીની ચૂંટણીની રાહ જોયા વગર ત્વરિત સજા થવી જોઈએ. ટૂંકમાં, આ બાબતે નિષ્ફળ ગયેલી સરકારને કાયદાની રૂએ ગુનેગાર ગણવી જોઈએ. નાગરિકોના પાયાના હકોની નિયમસરની અવગણનાને સંવિધાનિક બાબતોની અવગણના સમકક્ષ ગણવી જોઈએ.

**તાતી જરૂરિયાત**

પણ પાયાના હકો કયા છે? તે અન્ય મૂળભૂત હકો (Fundamental rights) કરતા કેવી રીતે જુદા છે? પાયાના હકો પાયાની જરૂરિયાતોમાંથી આવે છે, જેવા કે, શારીરિક સલામતી અથવા જીવન ટકાવી રાખવું કે ગુજરાન કરવું. જરૂરિયાતો ઇચ્છાઓ કરતા જુદી છે. તમારી ઇચ્છા હોય કે રોજ સવારે તમને ચૉકલેટ મળવી જોઈએ, પણ એ તમારી જરૂરિયાત નથી. તેના વગર કંઈ તમારી ઉપર આકાશ તૂટી પડવાનું નથી. પાયાની જરૂરિયાતો જુદી છે. તેમની અપૂરતી તમારા સ્વાસ્થ્યને મોટુ નુકસાન કરી શકે, તમારું મૃત્યુ પણ લાવી શકે. જો તમને બૅક્ટેરિયાનો ચેપ હોય અને જો તમને ઍન્ટિબાયોટિક ના મળે તો એ તમને બહુ ખરાબ અસર કરી શકે. તો તમારી પર સાચ્ચેજ આકાશ તૂટી પડે. વધારામાં, ઇચ્છાઓ વ્યક્તિગત છે. તમારી ચૉકલેટની ઇચ્છા એ તમારી ભૂલ નથી, પણ તમારી ગેરસમજ છે, કદાચ તમે તમારી પાયાની જરૂરિયાતથી અજાણ છો. તમે એ કહી શકવા સક્ષમ નથી કે ઍન્ટિબાયોટિક તમારી જરૂરિયાત છે, કારણ કે તમારું મન તમને બૅક્ટેરિયા અને વાઈરલ ચેપને સમજી શકતું નથી. આ નક્કી થાય છે કોઈ વાસ્તવિક કસોટીથી.

માનવશરીરોની રચનાને કારણે જરૂરિયાતો બની છે. તે સ્થૂળ આવશ્યકતાઓ છે; તેના વગર કોઈ આગળ વધી ન શકે. તેવી જ રીતે તે અન્ય કોઈ ઉપાયોથી પૂરી ન થઈ શકે. આપણા માટે પાણી, ખોરાક અને હવાની જગ્યા અન્ય કોઈ પદાર્થ ન લઈ શકે.

અલબત્ત, એ વાત સાચી છે કે, પાયાની જરૂરિયાતો અતિ આવશ્યક હોવા છતાં, આપણે માત્ર તેના માટે જીવતા નથી. તે આપણા જીવનને જીવવા જેવું નથી બનાવતી. પણ ખરેખર એવું કશુંક કે જેના માટે આપણે જીવીએ છીએ, તેનો આધાર તો આ પાયાની જરૂરિયાતો પૂરી થાય તેના પર જ છે. જો આપણે સતત તરસ્યા, ભૂખ્યા, બિમાર, ઠંડીમાં કે અસહાય પરિસ્થિતિમાં રહેતાં હોઈએ, ત્યારે આપણે શેના માટે જીવીએ છીએ તે નક્કી કરવા અક્ષમ હોઈશું, જે ઇચ્છીએ છીએ તે પામવાના પ્રયત્નોની તો વાત જ ન આવે. એવા લોકોની સ્થિતિનો વિચાર કરો, જે પાણીની એક ડોલ ભરવા કે નહાવા કે સંડાસ જવા માટે કતારમાં કલાકો સુધી ઊભાં રહેતાં હોય છે. જો પાયાની જરૂરિયાતો અપૂરતી હોય કે તેમાં મોડું થતું હોય, તો લોકો દુખી થતાં હોય છે. આને કારણે તેઓ થોડીક પણ સુઘડ જિંદગી જીવી શકતાં નથી.

જ્યારે પાયાની જરૂરિયાતો પૂરી નથી થતી, ત્યારે આપણે નિર્બળતા અને અસહાયતા અનુભવીએ છીએ. તે વખતે આપણે માનસિક તાપ અનુભવીએ છીએ, કોઈ મદદ કરે તે માટે રડીએ છીએ. આપણે આપણા સમાજ પાસે, ખાસ તો રાજ્ય પાસે પ્રાથમિક ન્યાય મળે તે માટે માટે ફરિયાદ કરીએ. પ્રાથમિક ન્યાય આપવા માટે બીજું કશું કરતાં પહેલાં સરકારે પોતાની ક્ષમતા અનુસાર જે કંઈ હોય તે પાયાની જરૂરિયાત માટે નાગરિકોને આપવું પડે, ખાસ કરીને એવાં લોકોને, જે આપમેળે તે મેળવી શકતાં નથી. જ્યારે સરકાર પોતાની આ જવાબદારી સ્વીકારતી નથી, ત્યારે આપણે દુખી થઈએ છીએ.

**સલામતી અને જીવન ટકાવી રાખવાની જહેમત**

પાયાની જરૂરિયાતોના આ વિચારને સ્પષ્ટ કરવા કયા શબ્દો ઉમેરવા પડે?

પહેલું, જરૂરિયાત એવી બાબત છે જે આપણા અસ્તિત્વ સાથે જોડાયેલી છે. તે દૈવી કે કોઈ કૃપા કરવાની બાબત નથી. તો, જરૂરિયાતો એ બાબતોને ઓળખવામાં મદદ કરે છે, જે વ્યક્તિનું જીવન ટકાવી રાખવાની પાયાની બાબત છે. સરકાર આપણને એ પદાર્થો અને સેવાઓ પૂરી પાડે, જે આપણા પાયાના હકો છે અને તે માગવાનો આપણને અધિકાર છે.

બીજું, જ્યારે કોઈ બાબત પાયાના હક તરીકે નક્કી થાય છે, ત્યારે સરકારને તે પૂરી પાડવાની જવાબદારી સોંપે છે. સરકાર તે આપવાની બાહેંધરી આપનાર બને છે. દા. ત., શારીરિક સલામતીનો હક, પહેલો પાયાનો હક, એ સામાજિક બાહેંધરી બને છે, જ્યારે સરકાર તાલીમ પામેલું, વ્યાવસાયિક પોલીસદળ આપે છે. જ્યારે સમાજ અને તેની સરકાર આ નિશ્ચયને નકારે છે, ત્યારે આપણે તેને જવાબદાર માનીએ છીએ. આ પાયાનો હક, તે મોટાં જોખમો, જેવા કે ભૂખમરો, બિમારી અને ચેપીરોગ સામે અસહાય લોકો માટે કવચ છે. ફિલોસૉફર હેન્રી શ્યુ કહે છે કે "આ હક શક્તિહીન લોકો માટે વિટો (કાયદાને નામંજૂર કરવાનો અધિકાર) છે જેને તેઓ તેમને હાની પહોંચાડતાં આર્થિક, સામાજિક અને રાજકીય બળો સામે વાપરી શકે છે."

આ હકો પાયાના એટલા માટે પણ છે કે એક વાર આ હક માન્ય થઈ જાય પછી જ બાકીના તેને અંતર્ગત મહત્વના અન્ય હકો ભોગવી શકાય.

વિચારો કે આપણી પાસે સમાજમાં છૂટથી એકઠા થવાનો હક છે, પણ આ હક વાપરવાની શરૂઆત કરતા જ કોઈ એકલદોકલ વ્યક્તિ પર હુમલો કે બળાત્કાર કે હત્યા થવાનો ભય ઊભો થાય છે. આની સામે મોટા ભાગના લોકો પીછેહઠ કરે છે. તેનો સામનો કરવા અસમર્થ છે. શું આ શારીરિક સલામતિ સામે ખતરો નથી, જે સામાન્યપણે ગુંડાઓ, રાજકીય ઠગો અને દમનકારી સરકારોનું હાથવગું સામાન્ય હથિયાર છે ?

બીજો મહત્ત્વનો પાયાનો હક છે લઘુતમ આર્થિક સલામતી અને ગુજરાન ચલાવવાનો. તેમાં સામેલ છે ચોખ્ખી હવા, અપ્રદૂષિત પાણી, આરોગ્યપ્રદ ખોરાક, વસ્ત્રો અને રહેઠાણ. તેની ગેરહાજરીને કારણે મુઝફ્ફરપુરની કરુણાંતિકા સર્જાઈ. આ બાબત સારી રીતે સાબિત કરે છે કે પ્રાથમિક આરોગ્ય સારવાર પણ અસ્તિત્વ જાળવણીનો પાયાનો હક છે. કુપોષણ અને બિમારી વચ્ચે સીધો જ સંબંધ છે. ડૉ. ટી. જેકોબનો જૂન ૧૯, ૨૦૧૯ના 'ધ હિંદુસ્તાન'માં લેખ છે કે આ બાયોકેમિકલ રોગ છે, જેનું કારણ છે લીચી ફળનો આહાર, જે ખાસ કરીને કુપોષિત બાળકોમાં આ રોગ જન્માવે છે. એ તો સામાન્ય જ્ઞાન છે કે અલ્પપોષણ રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે. આમ રોગ, બેરોજગારી અને ગરીબી વચ્ચેનો સીધો સંબંધ પ્રસ્થાપિત થાય છે.

આ પાયાના હકો સામે રહેલાં આ વિશ્વસનીય જોખમો સામે સરકાર આવા અસહાય લોકોને મદદ કરવા માટે સંસ્થાઓ અને પ્રક્રિયાઓની સ્થાપના કરીને નિવારી શકે, દા.ત., પૂરતાં ડૉક્ટરો, નર્સો, પથારીઓ, મેડિકલ સાધનો અને સઘન સારવારકેંદ્રો, જરૂરી દવાઓ અને તાત્કાલિક સારવારની સગવડતા સાથેની હૉસ્પિટલોની સ્થાપના કરે. આને માટે રાજકીય પ્રાથમિકતા અને પ્રતિબદ્ધતા અનુસાર જરૂરી આયોજનો કરી શકે. જ્યારે સરકાર આ નબળા વર્ગો, જે એ માટે ખર્ચ કરવા સક્ષમ નથી, તેમને પ્રાથમિક આરોગ્યસંભાળ દેવામાં નિષ્ફળ જાય, ત્યારે તે નાગરિકના પાયાના હકને અવગણે છે.

**અસહાય, ઉત્તરદાયી**

આ બે પાયાના હકો ઉપરાંત હું ત્રીજો હક ઉમેરું છું — જો લોકો પાયાના હકોથી વંચિત રહેતા હોય, તો તેમને પોતાની અસહાયતા અને નિરાશાને જાહેર કરવાની આઝાદીનો હક. અભિવ્યક્તિની આઝાદીના હકનો વ્યાપ બહુ વિશાળ છે અને હું નથી માનતો કે બધા જ પ્રકારની અભિવ્યક્તિને તેમાં સમાવાય, પણ લાગુ પડતા ભાગોને સમાવી શકાય. પોતાની અસહાયતાને જાહેર કરવાના હકમાં સામેલ હોય : સરકાર દ્વારા કરાતાં કામોને ઉમેરી કે બાદ કરીને તેની યાદી નક્કી થાય, તેનું ચોકસાઈપૂર્વક પરીક્ષણ થાય અને પછી સરકાર દ્વારા નિયુક્ત અધિકારીને આ હકોનું ધ્યાન રાખવા જવાબદાર બનાવાય, જે શારીરિક સલામતી અને જીવન ટકાવી રાખવાના હક વિષયે કામ થાય તે સાથે સંકળાયેલો હોય.

ત્યાર પછી સરકાર તેવી વ્યવસ્થા ગોઠવે, જેથી લોકો પોતાના પાયાના હકો સંતોષાય તેના વિષે માંગણી કરી શકે, જો ન સંતોષાય તો ફરિયાદ કરી શકે, તેમાં જે ખામી રહી હોય કે જેને સરકાર દ્વારા અવગણવામાં આવ્યા હોય, તેની જાણ કરી શકે, અસંવેદન અધિકારીઓ તરફ આંગળી ચીંધી શકે, આ કરવામાં નિષ્ફળ ગયેલી સરકારની કોઈ ભય વગર ટીકા કરી શકે.

આ ત્રણ પાયાના હકોને એક વાક્યમાં કહી શકાય : લઘુતમ સુઘડતા સાથે જીવવાનો હક. આ હકની એક સીમા હોય. સમાજ તેના માટે ઘસાય, તેને પામવા માટે સહિયારો ભવ્ય પુરુષાર્થ કરે. જોકે વધુ સારું જીવન જીવવાની આકાંક્ષાની કોઈ સીમા ન હોઈ શકે. પણ લઘુતમ સુઘડતાની એક હદ નક્કી થાય કે જેની નીચે માનવીના અસ્તિત્વનું સ્તર ન ઊતરે. આ લઘુતમ સીમાની નીચેનું સ્તર ક્યારેય સ્વીકાર્ય ન હોઈ શકે. મુઝફ્ફરપુરમાં બરાબર આ બાબતે જ બિહારસરકારની અને તે સાથે ભારતસરકારની અસંવેદનશીલતા આપણને થથરાવી મૂકે છે. તેઓ લોકોની પીડાના સીધાં કે આડકતરાં કારણોમાં પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાખે છે, એટલા માટે આપણે પૂછવું જોઈએ કે લોકોના પાયાના હકો સંતોષવામાં નિષ્ફળ ગયેલી સરકારને શા માટે તાત્કાલિક અને સખત સજા ન થાય?

લેખક જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રના, વિકસતા સમાજના અભ્યાસ કેન્દ્રનો પ્રોફેસર છે. તેમનો ૨૫ જૂન, ૨૦૧૯નો આ લેખ પ્રાસંગિક જણાતાં ઈન્ટરનેટ પરથી અહીં સાભાર ઉતાર્યો છે.

- મુનિ દવે



## વસ્તીગણતરીમાં અલગ આદિવાસી ધર્મકોડની માંગ / ચંદુ મહેરિયા

ઝારખંડ વિધાનસભાના એકદિવસીય ખાસ સત્રમાં આગામી વસ્તીગણતરીમાં આદિવાસીઓ માટે અલગ ધર્મકોડની માંગણીનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. અલગ ઝારખંડ રાજ્યની રચના જેટલી જ જૂની માંગ અલગ આદિવાસી ધર્મકોડની પણ છે. ઝારખંડ મુક્તિમોરચાએ વિધાનસભા ચૂંટણીમાં અલગ ધર્મકોડનું વચન આપ્યું હતું. એ જ પક્ષના હેમંત સોરેન મુખ્યમંત્રી બનતાં માંગણીને બળ મળ્યું. દેશનાં અનેક રાજ્યોના આદિવાસીઓ રાષ્ટ્રીય કક્ષાએ પણ આ માંગ વરસોથી કરતા રહ્યા છે. ઝારખંડનાં આદિવાસી સંગઠનો કોરોનાકાળમાં પણ અલગ ધર્મકોડ માટે ઉગ્ર આંદોલન કરી રહ્યા હતા. એટલે સરકારે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવ્યું. રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘ અને જમણેરી બળો આદિવાસીઓને હિંદુ જ ગણે છે, પરંતુ આદિવાસીઓના મત ગુમાવવા ન પડે એટલે રાજ્યના મુખ્ય વિપક્ષ ભારતીય જનતાપક્ષને પણ સરના-આદિવાસી એવા અલગ ધર્મકોડની માંગણીનું સમર્થન કરવું પડ્યું છે.

આદિવાસીઓની જીવન અને ઉપાસનાપધ્ધતિ પ્રકૃતિકેન્દ્રી છે. તેઓ પ્રકૃતિપૂજક સમાજ છે. હિંદુ અને અન્ય ધર્મ જેવાં લેખિત શાસ્ત્ર, ધર્મગ્રંથ અને ધર્મસ્થળો આદિવાસીઓ ધરાવતાં નથી. તેઓ પોતાને કોઈ સંગઠિત ધર્મનો હિસ્સો માનતા નથી. ભારતીય સંસ્કૃતિની બે મુખ્ય ધારા વૈદિક અને અવૈદિકમાંથી આદિવાસીઓ અવૈદિક અર્થાત્ પ્રકૃતિ કે માતૃસત્તાક સંસ્કૃતિનું અનુસરણ કરે છે. પણ કેટલાક ધર્મો યોજનાબદ્ધ રીતે પોતાનો ધર્મ, તહેવારો, ભાષા, ખોરાક, પહેરવેશ અને રિવાજો આદિવાસીઓ પર થોપે છે. હિંદુધર્મની વર્ણવ્યવસ્થાને આદિવાસીઓ નકારે છે. માનવીની ઉત્પત્તિ મુખ, ભુજા, જાંઘ કે પગ જેવાં માનવશરીરનાં અંગમાંથી થયાની માન્યતા તે સ્વીકારતા નથી. તેઓ માને છે કે પ્રત્યેક માનવીની ઉત્પત્તિમાના ગર્ભમાંથી જ થાય છે અને તે સિવાયની માન્યતાઓને વિજ્ઞાન કે તર્કનો

આધાર નથી. આ 'સરના' એ આદિવાસી સમુદાયના ધર્મનું નામ છે જે પ્રકૃતિવાદ પર આધારિત છે. આદિવાસીઓનો તે આદિધર્મ છે, પણ તેમની આ અલગ ધાર્મિક ઓળખ હવે રહી નથી, તેથી આદિવાસીઓ તેમની અલગ સરના અદિવાસીની ધાર્મિક ઓળખ માટે મથે છે અને વસ્તી ગણતરીમાં આદિવાસી ધર્મકોડની માંગ કરે છે. અલગ આદિવાસી ધર્મકોડની માંગ આદિવાસીઓની રાષ્ટ્રીય કક્ષાએ અલગ અને સ્વતંત્ર ધાર્મિક ઓળખ ઊભી કરવા માટેની છે.

આદિવાસી સંસ્કૃતિ અને ધાર્મિક આઝાદીના રક્ષણ માટે તથા આદિવાસીઓને એકસૂત્રે બાંધવા માટે તેઓ અલગ ધર્મકોડને જરૂરી માને છે.

વીસ વરસ પહેલાં બિહારના વિભાજનથી ઝારખંડના અલગ રાજ્યની રચના થઈ હતી. ૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે રાજ્યમાં આદિવાસીઓની વસ્તી ૨૬.૨૦ ટકા છે. રાજ્ય વિધાનસભાની કુલ ૮૧ બેઠકોમાં ૨૮ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. છેલ્લાં ૨૦ વરસમાં બીજેપીના રઘુવરદાસ સિવાયના તમામ મુખ્યમંત્રીઓ પણ આદિવાસી સમાજમાંથી આવ્યા છે. ઝારખંડની કુલ ૮૬.૪૫ લાખ અદિવાસી વસ્તીમાં ૪૬.૪ ટકા (૪૦.૧૨ લાખ) સરના આદિવાસી, ૩૭ ટકા (૩૨.૪૫ લાખ) હિંદુ આદિવાસી, ૧૫.૫ ટકા (૧૩.૩૮ લાખ) ખ્રિસ્તી આદિવાસી છે. તે ઉપરાંત ૧૮,૧૦૭ મુસ્લિમ, ૨,૯૪૬ બૌદ્ધ અને ૯૮૪ શિખ આદિવાસી છે. આમ, તેઓની અલગ ધાર્મિક ઓળખના બદલે તેઓ દેશના મુખ્ય ધર્મોમાં વહેંચાયેલા

અંગ્રેજોના શાસનકાળમાં ઈ.સ. ૧૮૭૨થી આરંભાયેલી અને દર દાયકે થતી વસ્તી- ગણતરીમાં પહેલાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શિખ, જૈન, બૌદ્ધ, પારસી અને યહૂદી એવા આઠ ધર્મકોડ પ્રમાણે ગણતરી થતી હતી. ઈ.સ. ૧૮૯૧માં આદિવાસીઓ માટે ટ્રાઇબ કે જનજાતિધર્મ એવો નવમો ધર્મકોડ દાખલ થયો હતો. એ રીતે આદિવાસીઓની અલગ ધાર્મિક ઓળખ સ્થાપિત થઈ હતી.ઈ.સ. ૧૯૫૧ની, આઝાદભારતની પહેલી વસ્તી-ગણતરીમાં આદિવાસીઓનો અલગ ધર્મકોડ નાબૂદ કરી અન્યનો વિકલ્પ આપવામાં આવ્યો. તે પછીની વસ્તી ગણતરીમાં અન્યનો વિકલ્પ પણ દૂર કરવામાં આવ્યો. હવેની વસ્તીગણતરીમાં માત્ર છ જ મુખ્ય ધર્મો (હિંદુ, ઇસ્લામ, ખ્રિસ્તી, શિખ, બૌદ્ધ અને જૈન)ના એકથી છ ધર્મકોડ જ છે.

સંવિધાનના અનુચ્છેદ ૩૪૨થી આદિજાતિઓને અલગ જાતિની ઓળખ તો મળી છે, પરંતુ ધાર્મિક ઓળખ અન્ય ધર્મોમાં વિલોપિત થઈ ગઈ છે. આદિવાસી બૌદ્ધિક ડૉ.રામદયાલ મુંડા વરસોથી વસ્તી-ગણતરીમાં અલગ આદિવાસી ધર્મકોડની માંગણી તર્કબદ્ધ દલીલોથી રજૂ કરતા રહ્યા હતા.આ મામલો આદિવાસી સાંસદોએ સંસદમાં પણ ઉઠાવ્યો હતો. ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ આદિવાસીઓની અનેક પ્રકારની ધાર્મિક માન્યતાઓની માહિતી મળે છે. ૨૦૧૧માં દેશનાં ૨૧ રાજ્યોમાં આદિવાસીઓની વસ્તી છે. ઝારખંડ ઉપરાંત અસમ, ઓડિસા, બિહાર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં સરના આદિવાસીઓ જોવા મળે છે. વિવિધ ૭૫૦ જાતિઓમાં વહેંચાયેલા અને ૨૦૧૧માં ૮.૬ ટકા કે ૧૦.૪૨ કરોડ આદિવાસીઓની અલગ અને સ્વતંત્ર ધાર્મિક ઓળખનો આ સવાલ છે.

વસ્તીગણતરીમાં નવો ધર્મકોડ દાખલ કરવાની કે કોઈને ધર્મનો દરજ્જો આપવાની સત્તા કેન્દ્ર, સરકાર હસ્તક છે. ૨૦૧૪ની લોકસભાચૂંટણી વખતે બીજેપીએ પણ ઝારખંડના અદિવાસીઓની અલગ ધર્મકોડની માંગનું સમર્થન કર્યું હતું. હવે વિધાનસભાના બીજેપી સમર્થિત સર્વાનુમત પ્રસ્તાવ પછી કેન્દ્ર પર આ માંગણીના સ્વીકારનું દબાણ આવશે.અગાઉ ૨૦૧૮માં કર્ણાટકની કૉંગ્રેસી સરકારે લિંગાયતોને અલગ ધાર્મિક ઓળખ આપવા કેન્દ્રને દરખાસ્ત કરી જ હતી. લિંગાયત કર્ણાટકની ઉચ્ચવર્ણીય અને રાજકીય આર્થિક રીતે વગદાર કોમ છે. રામકૃષ્ણ હેગડેથી યેદિરુપ્પા જેવા લિંગાયત નેતાઓ મુખ્યમંત્રી બન્યા છે. લિંગાયતો પણ ઘણા સમયથી અલગ લિંગાયત ધર્મની માંગણી કરે છે. પાર્ટીની ઉપરવટ જઈને યેદિરુપ્પાએ કૉંગ્રેસના અલગ લિંગાયતધર્મની દરખાસ્તનું સમર્થન કર્યું હતું, તે હજુ તાજો ઇતિહાસ છે. હવે કેન્દ્ર અને રાજ્યમાં એક જ પક્ષની સરકાર છે અને લિંગાયતોની માંગણી વિસારે પાડી દેવાઈ છે.

ઝારખંડ વિધાનસભાના સર્વાનુમત પ્રસ્તાવથી દેશના આદિવાસીઓના અલગ ધાર્મિક ઓળખ-આંદોલનને બળ મળ્યું છે. ઘણા આદિવાસી આગેવાનો અને બૌદ્ધિકો સરનાને બદલે દેશવ્યાપી સર્વસંમત આદિવાસી ધાર્મિક ઓળખરૂપ શબ્દની તરફેણ કરે છે. તે માટે અગાઉના ટ્રાઇબ, મૂળનિવાસી કે આદિજાતિ ધર્મ જેવા શબ્દો પર સર્વાનુમતી સાધવા પ્રયત્નો કરાઈ રહ્યા છે. બીજી તરફ કેન્દ્રના ગૃહ મંત્રાલય હસ્તકના વસ્તીગણતરી વિભાગના મહાનિયામક અલગ આદિવાસી ધર્મકોડની માંગનો અમલ કરવો વ્યવહારમાં શક્ય ન હોવાનું જણાવે છે. કેમકે ૨૦૦૧ની વસ્તીગણતરીમાં ૧૦૦થી વધુ જનજાતિ ધર્મોની માહિતી મળી હતી. છ મુખ્ય ધર્મકોડ ઉપરાંત ૫૦ રજિસ્ટર્ડ ધર્મો છે. ૨૦ ધર્મોનાં નામ જનજાતિ પરથી છે, એટલે દરેકને ધર્મકોડ આપવાનું શક્ય નથી. જવાબમાં અલગ આદિવાસી ધર્મકોડના તરફદારો સવાલ કરે છે કે માંડ ૪૦ લાખની વસ્તી ધરાવતા જૈનો માટે અલગ ધર્મકોડ હોય તો ૧૧ કરોડ આદિવાસીઓની માંગણી કઈ રીતે અવ્યવહારુ છે ? એકલા ઝારખંડમાં ૧૯૩૧માં અલગ આદિવાસી ધર્મની ઓળખ ધરાવતા આદિવાસીઓ ૩૮.૩ ટકા હતા, હવે તે ઘટી ગયા છે કેમકે અન્ય ધર્મોએ તેમની ધાર્મિક ઓળખ મિટાવીને તેને પોતાનામાં સમાવી લીધા છે.એ અટકાવવા પણ અલગ ધર્મકોડ જરૂરી છે.

આદિવાસીઓ પોતાની અલાયદી રાષ્ટ્રીય ધાર્મિક ઓળખ માંગે અને તે માટે આંદોલન કરે તેમાં કંઈ ખોટું નથી. પરંતુ સંગઠિત ધર્મોથી વેગળો રહેલો આ સમુદાય વળી કોઈ નવો ધર્મસમૂહ ન બની જાય તેની પણ ભીતિ રહે છે. આદિવાસીઓનાં જળ, જમીન, જંગલ જેવાં કુદરતી સંસાધનો પરની માલિકી, શિક્ષણ, રોજગાર, આરોગ્ય, રહેઠાણ, ગરીબી અને વિકાસવંચિતતા જેવા પાયાના સવાલો વણઊકલ્યા છે. તેને બદલે ધર્મની ઓળખનાં લટકણિયાં માટે સમય, શક્તિના ઉપયોગને કેટલી પ્રાથમિકતા આપવી કે કોઈ રાજ્યની વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવું પડે તેવું હાલનું અસરકારક અને રાષ્ટ્રવ્યાપી આંદોલન કેટલું અગ્રતાક્રમે હોવું જોઈએ તે બાબત પણ આદિવાસી-આંદોલને વિચારવી જોઈએ.

maheriyachandu@gmail.com

# કોરોના સમયનું સાહિત્ય / સંધ્યા ભટ્ટ

કોરોનાની મહામારી દુનિયાના દરેક દેશમાં વ્યાપી વળી અને ભારતમાં પણ તેણે પગપેસારો કર્યો.એને ખાળી શકાય એ હેતુથી આપણે ત્યાં વડાપ્રધાને લગભગ તાત્કાલિક કહી શકાય એ અસરથી લૉકડાઉન જાહેર કર્યું.ઉપરાછાપરી ત્રણ લૉકડાઉન આવ્યાં.આ સંજોગોમાં દેશના તમામ વર્ગના લોકોને બે પ્રકારે ગંભીર પરિસ્થિતિનો સામનો અચાનક જ કરવાનો આવ્યો.કોરોનાનો અને લૉકડાઉનનો.પોતે જ્યાં હતાં ત્યાં સ્થગિત થઈ ગયેલાં લોકો હતપ્રભ બની ગયાં?. કોરોનાનો ડર અને લૉકડાઉનની ઘરના અર્થતંત્ર પર અસર ઘણાંને માટે જીવલેણ નીવડ્યાં.મૃત્યુદર અને આપઘાતદરમાં ધરખમ વધારો હજી પણ થોભવાનું નામ નથી લેતો.

આટલી વાત પરથી કોરોનાની વ્યક્તિગત, પારિવારિક, સામાજિક, આર્થિક અને મનોવૈજ્ઞાનિક અસર કેટલી ઐતિહાસિક છે, તેનો ખ્યાલ આવશે.બહારથી સ્થગિત કહી શકાય એવા આ સમયમાં આપણી ગતિ વિલક્ષણ પ્રકારે વિપરીત દિશામાં થઈ.એક તો એ કે માણસોનું ઘરની બહાર જવાનું સદંતર બંધ થઈ ગયું,પણ ટેક્નોલૉજીના વ્યાપક વપરાશને કારણે માણસોએ આભાસી રીતે બહારની દુનિયા સાથે સંપર્ક રાખવાનું વધારે જોરશોરથી શરૂ કર્યું.આની ઘણી સારી-માઠી અસરો થઈ.તો કેટલાકને જેને ખૂબ ઝંખતા હતા તે અવકાશ મળ્યો, કહો કે નવરાશનો સમય મળ્યો જેનો તેમણે હકારાત્મક ઉપયોગ કર્યો.પણ આ નવરાશનો સમય જેઓ ન જીરવી શક્યા તેમને અથવા તો જેમને કામ વગર રહેવું અનેક રીતે પોષાય તેમ નહોતું એ વર્ગના વ્યક્તિગત અને સામાજિક જીવન પર વિઘાતક અસરો પડી.

પોતાની આસપાસ અને પોતાની ભીતર અમીબાની જેમ જેમતેમ આકાર લઈ રહેલી આ પરિસ્થિતિને પોતાના લખાણોમાં ઝીલવાનું કામ લેખકોએ કર્યું. આમાંનું કેટલુંક સાહિત્યની વ્યાખ્યામાં આવે અને કેટલુંક ન પણ આવે. પરંતુ એક વાત તો સાચી કે આ બધું કામ સ્વયંપ્રતીતિમાંથી આવ્યું છે.આ સમયમાં લેખન સાથે કામ પાડનારા સમુદાયને પણ એક અવકાશ મળ્યો અને તેનો લેખન-વાચન-વક્તવ્ય માટે ઉપયોગ થઈ શક્યો. કોઈ પણ કલા દ્વારા અભિવ્યક્તિ એ સંવેદનશીલ સર્જકજીવની જરૂરિયાત છે. એટલું જ નહીં લેખન એ લખી શકે એવા દરેકને માટે ઉપચાર છે. Expression has a therapeutic value? એરિસ્ટોટલે પણ કેથાર્સિસની વાત કરી જ છે. તો આ વિશેષ સંજોગોમાં લેખકો અને કલાકારોને સર્જનાત્મક હોવાનો લાભ રહ્યો.

આ સંદર્ભે ગુજરાતી ભાષાના લેખકોએ જુદા જુદા સ્વરૂપમાં સર્જન કર્યું. કવિતા, લઘુકથા, વાર્તા, નવલકથા, નાટ્યસ્વરૂપ અને નિબંધો (જેમાં હાસ્યનિબંધ પણ આવી જાય)દ્વારા સ્વાનુભૂતિની વાત સામયિકોમાં,પુસ્તકોમાં, ઇ-સામયિકોમાં, બ્લૉગ પર, વેબસાઇટ પર તેમ જ ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર એમ કોરોનાની અસર રૂપે પુષ્કળ લેખન થયું. તેની અસરકારકતા, સર્જકતા અને સાહિત્યિક તત્ત્વ વિષે મતમતાંતર હોઈ શકે, પણ આ અંગે પોતપોતાના મિજાજને અનુકૂળ વિધામાં લખાયું છે ! આ લખાણોમાંથી પસાર થઈએ તો ખબર પડે છે કે દરેક રસની અનુભૂતિ થાય એ પ્રકારે લખાયું છે. એવું બની શકે કે હજી કેટલીક કૃતિ કેટલાક લેખકોની કલમે આ દિવસોમાં ચર્વણામાંથી પસાર થતી હોય...કોરોનાની પશ્ચાદ્ અસર લોકજીવનમાં તેમ લેખન પર લાંબા અરસા સુધી ચાલશે જ.

આ ક્ષણે,આ ઉપક્રમમાં આપણે આ દિવસોમાં શું લખાયું અને પ્રગટ થયું તે અંગે વિહંગાવલોકન કરવાના છીએ. કેટલાંક સામયિકોએ ખૂબ સુંદર કામ કર્યું. 'એતદ્' એ સુરેશ જોશીના સમયથી ચાલતું આપણું સ્તરીય સામયિક છે.હાલ તેના સંપાદકો કમલ વોરા, નૌશિલ મહેતા અને કિરીટ દૂધાત છે.તેમણે કોરોના વિશેષાંક પ્રગટ કર્યો, જેમાં પ્રકાશિત કવિતા અને વાર્તામાં કોરોના સમયની વાત સૂક્ષ્મ સ્તરે થઈ.સંપાદકીયમાં લખાયું છે, 'મનુષ્યમાત્રને કોરોના મહામારીની ભયાનકતા સ્પર્શી છે અને એની સંવેદનામાં,વાસ્તવને આકલન કરવાની વિચારશક્તિમાં અભૂતપૂર્વ અને ભારે ઊથલપાથલ થઈ છે. અમે એતદ્ : ૨૨૫માં સાહિત્યકારમિત્રોને અનુરોધ કર્યો હતો કે તેઓ આ વિશિષ્ટ સમયથી પ્રેરિત અને પ્રભાવિત થઈ લખાયેલી રચનાઓ અંકના એક વિશેષ કોરોના - વિભાગ માટે અમને મોકલે.' નોંધવું જોઈએ કે આ માગણીના ત્રણેક મહિનામાં જ આ અંક પ્રકાશિત થયો અને સંતર્પક કૃતિઓ આપણને સાંપડી.હરીશ મીનાશ્રુ દ્વારા સન્નિપાતના ઢાળમાં 'મુમૂર્ષુની વિલાપિકાઓ' શીર્ષકથી ૯થી ૩૦ મે દરમિયાન લખાયેલું દીર્ઘકાવ્ય સુરેશ જોશીને શતાબ્દીવંદના રૂપે અર્પણ કરાયું છે, જે વાંચીને સુરેશ જોશીનાં 'તથાપિ'નાં દીર્ઘકાવ્યો યાદ આવે. કોરોનાના નિમિત્તે જાત સાથેની વાત જુઓ : ' પ્રબુદ્ધ હું / હું તજ્જ્ઞ તતનો,રહસ્યવેત્તા,રમ્ય કલાધર / સ્કૉલર લગભગ સતનો / પ્રકાણ્ડપંડિત,વિદગ્ધ હું જ્ઞાનીવિજ્ઞાની / તદપિ કેવળ ક્ષણભંગુર ને દગ્ધ / નિરુપાય હું સદાસર્વદા રોગી/ મરણપ્રેયસીનો ભવભવનો ભોગી' ભગવદ્ગીતા અને ઉપનિષદના અદ્વૈતના અધ્યાસ સાથે એકવીસમી સદીમાં ટી.વી.પર દેખાતી હનુમાનની સિરિયલની સહોપસ્થિતિ (juxtaposition) આ કવિતામાં છે. ક્રીડાંગણો કેરમબોર્ડમાં અને સ્ટેડિયમ સાપસીડીના ચોખંડા પૂંઠામાં સંકોચાઈ ગયા છે અને રેડ ઝોનમાં ઘર આખું નજરબંદ થયેલું કવિની નજર જોઈ શકે છે. ઝૂલણા અને ગઝલને એક શીર્ષક તળે પ્રયોજતા કવિ વાસ્તવની સેળભેળનો જાણે કે કાવ્ય રૂપે ચાર્ટ દોરે છે ! તેઓ લખે છે, ' જીર્ણ વસ્ત્રો તજીને/મનુષ્ય જે રીતે નવાં વસ્ત્રો ધારણ કરે છે એ રીતે/ મેં ધારણ કરી છે પીપીઈ કિટ/ ને અશ્વિનીકુમારોનું આવાહન કરીને / મારી લાલાયિત જિહવા પરથી શબ્દ ઉપાડીને / કર્યો છે સ્વેબટેસ્ટ : / હું સંક્રમિત છું આશાથી, સંભ્રમિત છું / ભાષાથી.'

અજય સરવૈયાનાં ગદ્યકાવ્યોમાં રશિયન લેખક અને ફિલ્મમેકર તાર્કોવસ્કીની ફિલ્મો સાથે સંલગ્ન કવિનું સંવેદન પ્રગટ થયું છે.તેઓ લખે છે, ' મારા મનમાં ચાલતું હતું,પહેલો તબક્કો 'નોસ્ટાલ્જિયા'નો / પરિવારને ઘરમાં ગોંધી રાખવાનો.બીજો 'સેક્રિફાઇસ'નો / પરિવારને બચાવવા ઘરમાં આહુતિ આપવાનો 'નોસ્ટલ્જિયા'નો નાયક મીણબત્તી પ્રગટાવે છે, 'સેક્રિફાઇસ'નો ઘર,ત્રીજો તબક્કો 'સ્ટોકર'નો,ઝોનની શોધનો, ઝોનમાંથી રૂમની શોધનોને એમ જાતની શોધનો.' અહીં, નોસ્ટાલ્જિયા, સેક્રિફાઇસ અને સ્ટોકર એ તાર્કોવસ્કીની ફિલ્મનાં નામ છે...ચૉમ્સ્કી અને બુદ્ધની સાથે લૉકડાઉનને મૂકીને તેઓ માનવજાતની મૂળ સમસ્યા પર આંગળી મૂકે છે. 'લૉકડાઉનઃ ચૉમ્સ્કી અને બુદ્ધ' શીર્ષક તળે તેઓ લખે છે,

'અને પછી તો આટલી પણ વાત નહિ થઈ શકે , આ રીતે પણ વાત નહિ થઈ શકે. હાલમાં એક મુલાકાતમાં ચૉમ્સ્કી જણાવે છે : વાઇરસ એ સમસ્યા નથી, આપણા વ્યવસાયનું મૉડેલ સમસ્યા છે. બેફામ, બેસુમાર, બેહદ નફો, કોઈ પણ ભોગે નફો . એટલે કોઈ પણ ભોગે. આ ગ્રહના ભોગે પણ. બીજું બધું તો શું ગણાવું? કે કેટલું ગણાવું? તમે એ બધું જાણો જ છો. આ લોભ ક્યાં જઈ અટકશે ? અટકશે ? લગભગ અઢી હજાર વર્ષ

પહેલાં ગૌતમ બુદ્ધે કહેલું કે આપણી મોટા ભાગની પ્રવૃત્તિઓ અને આપણા મોટા ભાગના સંબંધો વ્યાવસાયિક પ્રવૃત્તિના મૉડેલને આધારે ઘડાયેલા છે. એટલે વ્યવહાર કે લેવડદેવડનું મૉડેલ. એમણે મૉડેલ એવો શબ્દ નહોતો વાપર્યો. આ તો ચૉમ્સ્કીની વાત સાથે પ્રાસ બેસાડવા.'.... કાવ્યાન્તે લખે છે, 'આમ જુઓ તો આ વાઇરસ છે, બહાર, ને અંદર. તેમ જુઓ તો મેટાફર. આ ચૉમ્સ્કી અને બુદ્ધ તો આ કવિતાનાં પાત્રો છે, કહો ને ડિવાઇસ. બુદ્ધ હવે નથી, ચૉમ્સ્કી નહિ રહે, આ વાઇરસ હમણાં છે, ભલે, પણ નહિ રહે. ફળિયાં, શેરી, ચોક આમ સૂનાં નહિ રહે. જોતજોતામાં બધું પહેલાં જેવું, સમુંસૂતરું થઈ જશે. પણ પેલા મૉડેલનું શું ?'

કાનજી પટેલ કહે છે, 'પ્રલય અલગથી નહીં આવે. કવિ રમણીક સોમેશ્વર સ્તબ્ધતાનો તાગ પુરાકલ્પનો દ્વારા મેળવવાની કોશિશ કરે છે અને વિપાશા લખે છે, 'જન્મીશ હું આવતી કાલે. આજે તો લાવ જરા મરી જઈ જોઉં પૂરેપૂરું'.

રાકેશ દેસાઇ લૉકડાઉન અષ્ટકમાં ગલી,ઘર,કુટુંબ,ટોળું,સ્પર્શ,પીળી ચકલી,મંદિર અને હું શીર્ષકથી સન્નાટ્ટાના,સૂનકારના કે ચાલીસ-પચાસનાં ટોળાં સંદર્ભે અછાંદસ રીતિએ લખે છે.તેઓ કહે છે, 'માણસ ટેરવું થઈ ગયો છેને દરેક ટેરવું હજી અડધી જ વંચાયેલી કોઈ ક્રાઇમ થ્રીલરનાં દરેક પાત્રની જેમ શંકાસ્પદ ખૂની છે. વારંવાર હાથ ધોતી શેક્સપિયરની લેડી મેકબેથ હવે લોકહિતાર્થે સરકારી જાહેરાત જેવી લાગે છે.' આ સંવેદનમાં સીધાં સનનન જતાં તીરની વેધકતા છે.

કોરોના નામની ઘટનાએ પશ્ચિમ અને પૂર્વને એક રેખા પર ઊભા કરી દીધાં છે. પૂર્વે એમ હતું કે આપણે ત્યાંની પરિસ્થિતિ પ્રમાણે આધુનિક અને અનુઆધુનિક વલણ પશ્ચિમની રીતે જ આપણે ત્યાંના સાહિત્યમાં ન લાગુ પડે એવું યથાર્થ મનાયેલું' પણ કોરોનાકાળના વૈશ્વિક અનુભવો સંદર્ભે જુદી રીતે વિચારવું પડે એમ છે.મેહુલ દેવકલા લખે છે, 'દિવસ અને રાત્રિ જાણે ભેળસેળ થઈ ગયાં છે.' આ સંવેદનની હવે સમજૂતી આપવી પડે એમ નથી. શ્રમિકોની સ્થિતિ સંદર્ભે પ્રતિષ્ઠા પંડ્યાનું આલેખન કેટલું યથાર્થ છે ! 'રસોડાના પ્લૅટફૉર્મ પર/ખાંડ ઢોળાય ત્યારે/ કે પછી કોઈ વંદો મારી ગયો હોય ત્યારે/બારસાખના નીચેના ખૂણામાંના /દરમાંથી નીકળી / ઊભી-સીધી...જમણે ....નીચે .../ને પછી એક લાંબી લીટીમાં થઈ આવી પહોંચતી /એક પાછળ એક/ શિસ્તબદ્ધ હરોળમાં ચાલતી/કામદારો જેવી /ઝીણી લાલ કીડીઓ' અને તે પછી કવિતામાં આગળ 'બારીઓની ફાટમાંથી 'દરવાજા નીચેની સાવ સાંકડી /ન દેખાય એવી જગામાંથી/ ચાવીના નાના કાણાંમાથી/બારસાખની તિરાડમાથી/બાથરુમના ખાળની જાળીના/એકેક ઝીણાં કાણાંમાથી......ઊભરાઈને / ઊભરાઈને આવી રહ્યાં /બેબાકળી કીડીઓનાં /ટોળેટોળાં/ કોઈએ વેરવિખેર કરેલાં /તોડેલાં , ખતમ કરી નાખેલાં /એમનાં ઘર શોધતી /કોઈની ચપટીમાં/ કોઈના ચંપલ તળે /ગૂંગળાઈ ગયેલાં/ જીવન શોધતી /પોતાનાં દર શોધતી /ભૂખી, તરસી / ભરીને અંદર /ભારોભાર ચટકા /તરફડતી લાલ કીડીઓ.' સંવેદનશીલ સર્જકચેતનાનું શ્રમિકોની કતારો માટેનું આ સાદશ્ય તંતોતંત ! પ્રતિષ્ઠા પંડ્યા અછાંદસ દ્વારા તો પારૂલ ખખ્ખર ગઝલમાં આ દારુણ સ્થિતિને હૃદયદ્રાવક રીતે મૂકે છે.પ્લૅટફૉર્મ પર પડેલા માના શબ પાસે અબુધ બાળકને જોઈને પારૂલ લખે છે, 'સનસનીખેજ થઈ ખબર સૂતી, છીનવી બાળનું છતર સૂતી/ આભ ઓઢી ધરાના પાથરણે,જીવતીજાગતી કબર સૂતી/પીળ કાઢો ને ચીર ઓઢાડો,એક નારી લઘરવઘર સૂતી.'

'નિરીક્ષક' એ આપણું વિચારપત્ર છે અને તેનું નામ સૂચવે છે તે પ્રમાણે, અને ખાસ તો કોરોનાકાળમાં આપદ્ધર્મ તરીકે દરરોજ ડિજિટલ આવૃત્તિ ૨ એપ્રિલ,૨૦૨૦ થી શરૂ કરી ૫ જૂન,૨૦૨૦ સુધી પ્રકાશિત કરીને રોજબરોજની સ્થિતિનાં અહેવાલો અને નિરીક્ષણો આપ્યાં.ઉર્વીશ કોઠારી અને ચંદુમહેરિયાએ તેનું સંપાદન કર્યું.તે પછી સાપ્તાહિક ધોરણે પ્રકાશિત થયું તે હમણાં ઑક્ટોબર સુધી. રોજ ઓછામાં ઓછી એક વાસ્તવને વ્યક્ત કરતી કવિતા અહીં પ્રગટ થઈ જેમાં જનસામાન્ય પ્રત્યેની ચિંતા વ્યક્ત થઈ.મધુસૂદન પટેલ 'મધુ' લખે છે,

તાવડી પર ધૂળ ચડતી જાય છે,ઝૂંપડી માટીમાં ભળતી જાય છે.

સૂર્ય સાથે ભૂખ ઊગતી જાય છેને અમર આશાય મરતી જાય છે.

એક વિધવા મા બીજું તો શું કરે,ધીમેધીમે બાપ બનતી જાય છે.

રાજ ગોસ્વામી લખે છે, 'એ મહારાષ્ટ્રમાં મર્યા,કારણકે ટ્રેક પર સૂઈ ગયા હતા,વિશાખાપટ્ટનમમાં એટલા માટે મર્યા/કારણકે ઘર પર સૂઈ ગયા હતા/ઉત્તરપ્રદેશમાં એટલે મર્યા/કારણકે ટ્રક પર સૂઈ ગયા હતા /એ પ્લૅટફૉર્મ પર એટલા માટે મરી ગયા /કારણ કે ટ્રેનમાં ભૂખ્યા સૂઈ ગયા હતા /તમે એટલા માટે મરી ગયા છો /કારણકે તમને મરતા લોકો દેખાતા બંધ થઈ ગયા છે.' પ્રવીણ ગઢવી,વજેસિંહ પારગી,નિલેષ કાથડ,આત્મારામ ડોડિયા, ભરત મહેતા,બકુલા ઘાસવાલા,સાહિલ પરમાર,રાજુ સોલંકી — આ સૌએ પોતાની લાગણી પ્રગટ કરી.

સાહિત્યિક ઈ-જર્નલ 'સાહિત્યસેતુ', જે પ્રા.નરેશ શુક્લ સંપાદિત કરે છે, તેમણે કોરોના-વિશેષાંક પ્રગટ કર્યો.એ માટે તેમણે વિવિધ માધ્યમો પર સૌને આમંત્રિત કર્યા હતા અને ગુજરાતી,હિન્દી અને અંગ્રેજીમાં જાણીતા અને અજાણ્યા લેખકોની કૃતિઓ પ્રગટ કરી.અહીં રક્ષા ચોટલિયાની કલમે 'મારી દિનચર્યા' શીર્ષક હેઠળ કોરોનામાં પતિ ગુમાવેલ સ્ત્રીનો દૈનિક ક્રમ જોવા મળે છે, તો આ અફરાતફરીના માહોલમાં કથકને અચાનક ભેટી ગયેલ એક બહેનની વાત છે, જેમના હાથનો શીરો નાનપણમાં ખૂબ ભાવતો.પ્રીતિ ભાર્ગવની કલમે આવા સુખદ અનુભવની લઘુકથા પણ મળે છે.ડાયરી,પત્ર જેવાં આપણાં પરંપરાગત લેખનસ્વરૂપો અહીં વાંચવા મળે છે.કોરોના નિમિત્તે પૂર્વે આવેલ વધુ ગંભીર મહામારી વિષે લખીને ડૉ. પ્રદ્યુમન ખાચર સૌને આશ્વસ્ત કરે છે.

સુરતની રાષ્ટ્રીય કલાકેન્દ્ર સંસ્થા ૧૯૫૫થી વિવિધ વિધામાં કલાપ્રવૃત્તિ કરે છે.પોપટભાઈ વ્યાસ,વજુભાઈ ટાંક, ચંદ્રકાંત પુરોહિત અને વાર્તાકાર સરોજ પાઠક ત્યાં એક સમયે કામ કરતાં.હાલ તેની સાહિત્યસમિતિનાં કન્વીનર કવયિત્રી અને અભિનેત્રી યામિની વ્યાસ છે.સંસ્થાના પ્રમુખ-મંત્રીના સહકારથી કલાપ્રેમી અને સતત કાર્યરત સન્નિષ્ઠ નરેશ કાપડિયાએ ખૂબ મહેનતથી કોરોના કાવ્યના બે ઇ-સંચય પ્રગટ કર્યા.પ્રથમ સંચયમાં તેમણે નીવડેલા કવિઓને આમંત્ર્યા અને ૩૦૬ રચનાઓ પ્રગટ કરી.બીજા સંચય માટે તેમણે સ્પર્ધા જાહેર કરી, જેમાં ૩૦૩ રચનાઓ પ્રગટ થઈ.આ સંચયમાં લગભગ દરેક કવિની કૃતિ મળશે. આ પ્રકારના ઉપક્રમથી દરેકને એક મંચ મળ્યો અને લાગણીના આવિર્ભાવનું વહેણ મળ્યું. કવિની સાહિત્યિક સજ્જતા અંગે પ્રશ્ન ન ઉઠાવતા શબ્દ માટેની નિસબત અને જિકર તરફ  જ આપણી દૃષ્ટિ હોવી ઘટે.કિસન સોસાની ગઝલનું આચમન કરીએ :

'કાગ બોલે એકલો ટગડાળમાં, આ કાળમાં,પાંદડા ફફડે હવા વિણ ફાળમાં આ કાળમાં'

નાનકો એ કોણ કૂણી પાનીએ પથ કાપતો ,આટલું બળ ક્યાંથી કૌવત બાળમાં આ કાળમાં

રાષ્ટ્રીય કળાકેન્દ્રએ એક સંચય સત્યકથાઓનો પણ કર્યો છે.જેમાં

સુરતના કલેક્ટર, ડી.એસ.પી.,સેવાસંસ્થાઓના સૂત્રધારો, ડૉક્ટરો — આ સૌના અનુભવો — સત્યકથાઓ નરેશ કાપડિયાના સંપાદનમાં સાંપડશે.

અછાંદસ, ગઝલ તેમ સંસ્કૃત છંદોમાં પણ કોરોનાકાવ્યો લખાયાં છે. મુંબઈસ્થિત સ્નેહલ મઝુમદાર 'તીરકિટ ધા' નામે કૉલમ જન્મભૂમિ પ્રવાસી માં લખે છે. ગંભીર વિષયોની વાત હાસ્યરીતિએ લખવા માટે તેઓ જાણીતા છે.હજી થોડા દિવસો પહેલાં જ કોરોનાના દર્દી તરીકે તેમને હૉસ્પિટલમાં રહેવું પડ્યું.પણ ત્યાંથી રજા લીધા પછી તેમણે લખેલ કોવિડ-કેલિ-અષ્ટકની ચાર પંક્તિ સંભળાવું..

**'કોરોના શક લાગતા જ ભરતી રુગ્ણાલયે સત્વરે,**
**ઈન્ટ્રાવીનસ ભોંકિયું નસ મહી, ઊંધા કર્યા બાટલા,**
**સોયોની વણઝારશી તનમહીં આવી મને વીંધવા,**
**જાણે ભીષ્મપિતામહે રણ મધે બાણો સહ્યા કારમા'.**

લતા હિરાણીએ શરૂ કરેલ 'કાવ્યવિશ્વ' વેબસાઇટમાં પણ કોરોનાકૉર્નર હેઠળ કાવ્યો છે.

માંડવી કચ્છ સ્થિત વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ અંતર્ગત ગોરધન પટેલ 'કવિ'એ કોરોના કાળ પર આધારિત લઘુનવલની એક સ્પર્ધા યોજી, જેમાં ૩૬ જેટલી લઘુનવલ આવી હતી. વિજેતા કૃતિ મહેશ 'સ્પર્શ'ની 'લૉક્ડ' અને મનસુખ સલ્લાની 'નવો અવતાર'ને પ્રથમ ક્રમાંક મળ્યા. બંને લઘુનવલ નાનકડા મધ્યમવર્ગીય પરિવારની કથા છે. 'લૉક્ડ'નો નાયક શરદ પ્રાથમિક શાળામાં શિક્ષક છે પણ હાલ તાલુકા હેલ્થ ઑફિસના કૉલસેન્ટરમાં તેણે ફરજ બજાવવાની છે. તે કવિજીવ છે,કામુ કાફકા વગેરેના પુસ્તકો પણ મંગાવીને વાંચે છે.પત્ની સ્મિતાને પણ નાટકફિલ્મ જોવાનો શોખ છે. પાંચ-છ વર્ષની પુત્રી દિયા છે જેના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે શરદ ખૂબ ચિંતિત છે.પુત્રીને રસી મૂકવાની હોય તો તે પણ જોઈ ન શકે એવો દીકરીની બાબતમાં અતિ લાગણીશીલ છે.એવામાં શરદને પોતાને કોરોના થાય છે,તે ક્વૉરન્ટાઈન થઈ જાય છે પણ તે પછી તે ખૂબ ડરી જાય છે,અસલામતી અનુભવે છે,વારંવાર પત્ની પર ખિજાય છે અને દીકરી પોતાની નજીક ન આવે તેમ કરે છે.વધારે પડતો સેનેટાઇઝરનો ઉપયોગ કરવાને કારણે તેના હાથ કહોવાઈ જાય છે.કોરોનાનો ઓથાર એક વ્યક્તિને કેટલો પામર,પાંગળો અને જાતમાં કેદી બનાવી દે છે, તેની રફતાર મહેશ 'સ્પર્શ' એ બરાબર બતાવી છે.એ સંજોગોમાં નજીકના મિત્રના મૃત્યુના સમાચાર આવે અને પત્ની સ્મિતાને પતિ અને પુત્રીને સાચવવા કેટલું સંતુલન રાખવું પડે છે તે પણ અહીં છે. 'લૉક્ડ' શીર્ષક નાયકના અંતરમનને વ્યક્ત કરે છે.

મનસુખ સલ્લાની લઘુનવલ પણ પરિવારકેન્દ્રી છે.અહીં દીપ્તિ,સુકેતુ અને દીકરો-દીકરી છે. લૉકડાઉનની શરૂઆતમાં તો આખો પરિવાર જાતભાતની રમત રમે છે, કિલ્લોલ કરે છે. પચાસની વયની આસપાસનાં આ દંપતીમાં ગૃહિણી દીપ્તિ સહજપણે સૂઝથી સંસાર સંભાળે છે, પણ ઑફિસના કામના ભારણે સુકેતુને ડાયાબિટીસ આપ્યો છે.સામાન્ય રીતે રેઢિયાળ ચાલતા દિવસોમાં જે વાત દીપ્તિ સુકેતુને તેના સ્વભાવ વિષે ન કહી શકી તે સંવાદ લૉકડાઉનના અવકાશમાં થઈ શક્યો.સુકેતુને અંતે થતો કોરોના જીવનનું મૂલ્યભાન કરવામાં નિમિત્ત બને છે.એક સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલી બંને કૃતિ આ સમયનાં બે સામસામેનાં પરિમાણો બતાવે છે.

અન્ય નોંધપાત્ર લઘુનવલમાં પ્રજ્ઞા વશીની 'અભિતપ્ત' માં કોરોના નિમિત્તે અમેરિકા અને ભારતની સંસ્કૃતિ તેમજ માનવીય સંવેદનામાં જોવા મળતા ભેદની વાત છે. વિષ્ણુ પ્રજાપતિએ હાસ્યનવલનો સરસ પ્રયત્ન કર્યો છે. કોરોનાનું કમઠાણ જ તેની પાછળ છે પણ શીર્ષક કોઈ બીજું આપી શકાયું હોત.શોપિઝન નામની એક વેબસાઇટ પર પ્રગટ થયેલી મનહર ઓઝાની 'વુહાન ઇફેક્ટ' લઘુનવલ ફેન્ટસીનો ઉપયોગ કરીને લખાઈ છે.

'અમદાવાદ વાર્તાવર્તુળ' દ્વારા કોરોના વાર્તાઓનું એક સંપાદન 'કોરોનાકથાઓ' શીર્ષકથી વાર્તાકાર દીવાન ઠાકોર અને મનહર ઓઝાએ કર્યું. કોરોના થયો હોય તેને સારું ખાવાનું મળે,સવલત મળે તે જાણીને શ્રમજીવીનું બાળક કહે છે, 'ચાલને,આપડેય ચોંકથી કોરોના લઈ આઈએ' ! ગિરિમા ઘારેખાન વંચિતોની આ વિડંબનાને વાર્તામાં વાચા આપે છે. 'એતદ્' માં કોરોનાકાળના સંવેદનની બે વાર્તા છે.હર્ષદ ત્રિવેદીની 'નિષ્ક્રમણ' અને કોશા રાવલની વાર્તા 'લૉકડાઉન'. પ્રથમ પુરુષના કથનકેન્દ્રથી લખાયેલી 'નિષ્ક્રમણ'માં નાયક કોરોનાગ્રસ્ત છે. ઘરમાં ક્વૉરન્ટાઇન છે.રાત્રીનો સમય છે. પત્ની, પુત્ર-પુત્રવધૂ, વાડાનાં ફૂલોની સુગંધ,ઘરનું રાચરચીલું — આ તમામનો ઊંડેથી અનુભવ કરે છે.તેને થાય છે કે આ છેલવેલ્લો અનુભવ છે.પોતાની ગેરહાજરીમાં બધો વહીવટ-વહેવાર કેવા ચાલશે તેની ચિંતાથી વિગતવાર ચિઠ્ઠી લખે છે...નિષ્ક્રમણની...ચાલી નીકળવાની તૈયારીની વાર્તા અંતે ચોટ પણ સાધે છે.' લૉકડાઉન' ડાયરીની પ્રયુક્તિથી લખાયેલી લગ્નેતર સંબંધની વાર્તા છે. ભાષાની પ્રોફેસર હરિતાને પરિણીત સુજોય સાથે પ્રેમ છે, પણ તેની સાથે પોતે ઇચ્છે છે તે રીતનો સમય ગાળવા મળ્યો નથી. આ વખતે પણ સુજોય એક મિટિંગ માટે મુંબઈથી અમદાવાદ આવવાનો હતો, તેથી બપોર પછી હરિતાના ઘરે આવ્યો.સવારે નીકળવાનો જ હતો, ત્યાં લૉકડાઉન જાહેર થયું.સુજોય સાથે આમ અચાનક રહેવાનું મળતા હરિતા રોમાંચિત થઈ જાય છે. બંનેનાં મનોસંચલનો ડાયરી દ્વારા જણાય છે. શારીરિક સંબંધોથી મળતો સંતોષ ખુશી, ફરિયાદ, ઊણપો, સરખામણી, અણગમો — એમ અનેક ભાવપલટા પછી અંતે ફરી એક વાર લૉકડાઉન જાહેર થાય છે ત્યારે.....? તેમનો સંબંધ આટલા દિવસોના સહવાસ પછી કયાં ઊભો છે ? એ માટે વાર્તા વાંચવી પડે.

આપણા મહત્ત્વના વાર્તાકાર મોહન પરમાર 'કાલપાશ' લઘુનવલ આપે છે. પતિ-પત્ની-બે દીકરીઓ અને બા-બાપુજી એક પરિવારમાં રહે છે. કોરોનાને કારણે બધાં આખો દિવસ ઘરમાં.ગૃહિણીનું કામ વધે.પતિ-પત્નીને માંડ એકાંતની ક્ષણો મળે,પાડોશીઓ સાથે કોરોનાની વાતો, કોરોનાનું બાજુની સોસાયટી લગી આવી જવું,સગાવહાલાંમાં મરણ — આપણે સૌએ અનુભવ્યું તે અહીં કથારૂપે છે અને વધારામાં સ્વપ્નપ્રયુક્તિથી અન્ય વર્ગની કરુણ સ્થિતિ પણ ખરી.વાસ્તવિક સ્થિતિનું બયાન કરતી આ લઘુનવલમાં કેટલીક સંવેદનશીલ ક્ષણો કાલપાશમાં સપડાયેલા લોકની દશા બતાવે છે !

ખેવના દેસાઈ અને ગૌરાંગ જાની સમાજશાસ્ત્ર સાથે સંકળાયેલાં છે અને સર્જનાત્મક સાહિત્ય તરફ પણ તેમની વાચક-લેખક તરીકેની ગતિ છે. ખેવનાએ કેટલીક એકોક્તિઓ લખી છે જે દ્વારા તે સ્ત્રીઓની સ્થિતિ બતાવે છે. 'ઘરમાં રહો,સુરક્ષિત રહો'માં સતત ઘરમાં રહેતો પતિ કામધામ વગર અને પોતાને જેની ટેવ પડી છે, તે પીણાંની અવેજીમાં પોતાના આવેશને કેવી રીતે પત્ની પર ઉતારે છે, તેની હચમચી જવાય એવી વાત છે.આવી દશા હોય ત્યારે સતત વાગતી રહેતી જાહેરાત 'ઘરમાં રહો,સુરક્ષિત રહો'ને કેવી રીતે મૂલવીશું ?આ દિવસોમાં પહેલી વાર નર્સની સેવાનું મૂલ્ય આપણને સમજાયું.ખેવના લખે છે, 'સદીઓથી અમને

સદી ગઈ છે /આબાલવૃદ્ધ સૌને બેઠાં કરવાની /આ કળા/એમાં તે શી નવાઈ/કાળજી લેવી એ તો કાંઈ કળા કહેવાય ?/છોકરાં જણવાં અને ધવડાવવાં /જેવું જ સહજ છે એ તો…તમે ભજતા રહ્યાં પેલાં શ્વેતવસ્ત્રાવૃતાદેવીને /પણ, અમારાં શ્વેત વસ્ત્રો તો ઝાંખાં જ રહ્યાં…'

ગૌરાંગ જાનીએ 'કોરોના બિંબ-પ્રતિબિંબ' નામે એક અદ્ભુત પુસ્તક કેતન રૂપેરાના સંપાદનમાં આપ્યું છે.સામાજિક વિશ્લેષણને પોતાનો ધર્મ માનતા આ લેખકે 'sociological imagination'ની પાંખે આસપાસ બનતી ઘટનાઓને ઘાટ આપ્યો છે.જુદા જુદા વર્ગ અને વ્યવસાય ધરાવતા લોકોની આ સમયમાં શું સ્થિતિ થઈ – ખાસ તો આવી વખતે આપણે જેમની ક્યારેય વાત નથી કરતાં તે વર્ગ, ડાઉન સિન્ડ્રોમ વ્યક્તિઓ,કુપોષિત બાળકો,ઘરવિહોણાં કુટુંબો સાંકડા ઘરમાં રહેતાં કુટુંબો,સેક્સવર્કર્સ – આ સૌ વિષે આંકડા સહિત વાત કરી છે.ગૌરાંગ જાનીની કવિતાઓમાં હડસેલાયેલો લોક છે. બહાદુર બાઇસિકલ ગર્લ જ્યોતિ પર તેમણે લખ્યું,

'ખૂબ લડુંગી મરદાની /મેં તો સાઇકલવાલી જ્યોતિ ! / એક દિવસ, બે દિવસ /દિવસ પછી દિવસ …. રાત પછી રાત /મારા પગ ને મારો શ્વાસ !/સાઇકલ મારી સરરર જાય/ ટીનટીન ટોકરી વગાડતી જાય /પણ પંક્ચર તો પડે /પડે હાથમાં છાલાં ! ગીતો ગાતી જાઉં/ પાપાને જગાડતી જાઉં /જોઉં આકાશે તારા/ એ જ તો ગરીબના સહારા ! /ક્યાંક મળે છાંયો / તો ક્યાંક કોઈનો ઓટલો /કોઈ આપે રોટલો/ કેવો મારો ચોટલો !/! થાક લાગે/ લાગે પેટમાં ભૂખ/ સાથે પિતાનું દુઃખ/ સાવ સૂકું મારું મુખ !/પણ પહોંચી હું તો ગામ મારે /ભેટી માને, ભેટી સખીઓને /હાશ ! હવે તો પડી માને ખોળે'. (પૃ.૯૮-૯૯)

કોરોનાસમયના સાહિત્યને 'મધુરેણ સમાપયેત' તો ન કરીએ પણ હાસ્યેન સમાપયેત કરીએ.અને તે એ કે ડૉ. કિરીટ વૈદ્યે 'કોરોનાસંગ, હાસ્યવ્યંગ' નામે આખો સંગ્રહ આપ્યો છે.તેઓ લખે છે, 'મોઢે-મોઢે માસ્કનું ઉપવસ્ત્ર લાગ્યું છે…માસધોરણે માસ્ક ખરીદી લેવાં,વરસ માટેનું કરિયાણું ઘરમાં ભરી લેવું,આલ્કોહોલયુક્ત સેનિટાઇઝર મળે એટલું અને કોઈ પણ સાઇઝની બૉટલો ઘરભેગી અને કરભેગી કરી દેવી એ 'કોરોના સે મરોના ' જેવી બીકનું પૅનિક છે.'

હાસ્યલેખિકા કલ્પના દેસાઈના હાસ્યલેખનો આ પતિ-પત્ની સંવાદ જુઓ:

'હં..તો હું એમ પૂછું કે આ કોરોનાની જાતે કઈ હશે ?'

'લે, હવે આવા કોઈ જીવડાની કોઈ જાત આવતી હશે?? ને એની જાત કોઈ પણ હોય, એ કંઈ હિંદુમુસ્લિમ શીખે ઈસાઈ કે ગોરા-કાળાને જોઈને નથી કોઈની બોચી પકડતો.કોને નિશાન બનાવે તે ખબર જ ન પડે.'

'કોરોના સાહિત્ય' – આ સંજ્ઞા ભવિષ્યમાં ભુલાઈ જાય એવું નરવું વાતાવરણ બને એવી અપેક્ષા રાખીએ.

બારડોલી, મો. ૯૮૨૫૩ ૩૭૭૧૪

## આયખું / સિલાસ પટેલિયા

કાયા કંતાન થઈ ગઈ
એનીય
એમને ખબર પડવા ના દીધી.
એવા એ લોકો
જબરા જાદુગર !
એમના કિલ્લાની બહાર
એ લોકો જઈ શક્યા હોત
પણ
એમની જાદુગરીએ જ
એમને જકડી રાખ્યા !
અંતે
કડડભૂસ કિલ્લો થયો
ને એ જાદુગરોય
અદશ્ય થઈ ગયા–
ને એ લોકે
માથે આકાશ જોયું
ને સૂરજ ઝળહળતો જોયો,
ત્યારે જ એમને થયું
કે લ્યા ! આટલું આયખું
આમ જ કાઢ્યું ?

## ખેતર / ઉમેશ સોલંકી

ન મોજાં ન તરંગ ન દરિયો ન સરવર
ન વેગીલો વાયરો ન મંદ પવન
અંદર-અંદર
ચાલે જાણે પળની પાછળ પળ
ખેતર.

ભૂચર-ખેચર-જળચર
સ્થિર, ઊબડખાબડ, સમથળ
આગળ
દાયકા બાદ એક-એક કણ
જુએ હર ક્ષણ
ખેતર.

ધીંગા ખીલા
જોતાં-જોતાં લોહી કાઢે એવા તીણા
વેગળાઈ ગઈ જો આજ સમજણ
ભચ-ભચ-ભચ, ભચ-ભચ-ભચ
રહેશે કાયમ ખોડખાંપણ
કરે અટકળ
ખેતર.

લાગે સતત સહિયારાં-સહિયારાં
પગ, આંખ, મગજ સહિયારાં-સહિયારાં.

# પાંચમા ધોરણ સુધી માતૃભાષામાં ભણતર / જશવંત મહેતા

*અભિજિત વ્યાસે 'વિનિપાત' (નિ. ૧૬/૧) એ સંવેદનનોંધમાં એક વરિષ્ઠ ગુજરાતી સાહિત્યકારનાં પૌત્રીએ પોતાના દાદાનું પોતે કશું જ નહીં વાંચ્યાનો એકરાર નોંધ્યો હતો. પૌત્રીની કેફિયત એ હતી કે પોતે અંગ્રેજી માધ્યમમાં ભણી હોઈ ગુજરાતી વાંચતાં આવડતું જ નથી. આ નોંધ વાંચીને મળેલ પ્રતિભાવો પૈકી એક મુંબઈ સ્થિત જશવંત મહેતાનો પણ હતો. તેઓ મુંબઈની શાળાઓમાં ગુજરાતી (અને ગુજરાતીમાં) ભણાવાય તે માટેની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. તરતમાં એક ઓર માતૃભાષા દિવસ (ફેબ્રુઆરી ૨૧) આવશે એ જોગાનુજોગના ઉલ્લેખ સાથે આ લખાણ પ્રગટ કરતી વખતે ગુજરાતના સંદર્ભમાં એ એક વિગતની નોંધ આનંદ (અને અપેક્ષા) સાથે લેવી જોઈએ કે લાંબી હિલચાલ પછી ૨૦૧૮-૧૯થી રાજ્ય સરકારે પહેલી-બીજીમાં ગુજરાતનો વિષય અનિવાર્ય લેખ્યો છે અને ધોરણ ૩ થી ૮ માં પણ તે રીતે તબક્કાવાર આગળ વધવાની સત્તાવાર જાહેરાત કરી છે. ગુજરાતી સિવાયનાં માધ્યમમાં ભણનાર હર કોઈ માટે, પછી તે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન હોય કે ઈન્ડિયન સર્ટિફિકેટ ઑફ સેકન્ડરી એજ્યુકેશન અગર તો ઈન્ટરનૅશનલ જનરલ સર્ટિફિકેટ ઑફ સેકન્ડરી એજ્યુકેશન હોય, આ લાગુ પડે છે. જોકે, ગુજરાતી માધ્યમ વાસ્તે પ્રજાસૂય પ્રતિબદ્ધતા અને રાજકીય સંકલ્પશક્તિની દૃષ્ટિએ હજુ ઘણું બધું કરવું રહે છે.*

*તંત્રી*

હાલમાં નવી શિક્ષણનીતિમાં સ્કૂલશિક્ષણમાં મોટા પાયે ફેરફારોની જાહેરાત કેન્દ્રસરકાર દ્વારા થઈ છે અને સ્કૂલ શિક્ષણના નવા માળખા પ્રમાણે પાંચમા ધોરણ સુધી માતૃભાષા કે સ્થાનિક ભાષામાં ભણાવવામાં આવશે. આ ફેરફાર ખૂબ જરૂરી અને આવકારદાયક છે અને કેન્દ્ર સરકાર અભિનંદનને પાત્ર છે. માતૃભાષાની બદલે અંગ્રેજીમાં ભણાવવાનું પહેલા ધોરણથી એસ. એસ. સી. સુધી તો સામાન્ય થઈ ગયું હતું પરંતુ ધીરેધીરે કરતાં નર્સરી અને છેલ્લે હવે તો પ્લે ગ્રૂપનાં ભૂલકાંઓને પણ અંગ્રેજીમાં જ બોલવાનું ફરજિયાત થઈ ગયું હતું અને આ પરિસ્થિતિમાં સમય જતાં આખા ભારતભરમાં માતૃભાષા લુપ્ત થઈ જવાની પૂરેપુરી શક્યતા ઊભી થઈ છે.

બાળકોને શરૂઆતનાં વર્ષોમાં માતૃભાષાથી જ લખવાવાંચવા અને તેના ફાયદા વિષે વૈશ્વિક અભ્યાસો જણાવે છે કે ''બાળકોએ સૌથી પહેલું માતૃભાષામાં જ લખતાં વાંચતાં શીખવું જોઈએ. એક વાર તેઓ એક મિનિટમાં ૪૫-૬૦ શબ્દો ઝડપથી વાંચતા થઈ જાય ત્યારે જ તેઓ જે વાંચતાં હોય એનો અર્થ સમજી શકે છે. આટલી ઝડપે પહોંચવું માતૃભાષામાં જ બહુ સહેલું છે. એટલી ઝડપ એક વાર આવી જાય, પછી ભાષા શીખવી બહુ સરળ બની જાય છે. એ પહેલાં અંગ્રેજી કે બીજી કોઈ ભાષા શીખવવામાં આવે, તો બાળકને માટે પોતાની માતૃભાષામાં ઝડપથી વાંચવું બહુ અઘરું બની જાય છે.''

એક સમયે (૧૯૬૫-'૭૦પૂર્વે) ગુજરાતી માધ્યમની અગ્રગણ્ય ગણાતી શાળાઓમાં અંગ્રેજી શીખવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું. બાઈ કબીબાઈ હાઈસ્કૂલ (મુંબઈ) કે જ્યાં મેં અભ્યાસ કર્યો હતો, ત્યાં અમારા સમયે (૧૯૫૭માં S.S.C.E. પરીક્ષા પાસ કરી હતી). અંગ્રેજી ૭મા ધોરણથી ભણાવવાની શરૂઆત થતી હતી તે વખતે મેટ્રિક (S.S.C.E.) ની પરીક્ષા ૧૧મા ધોરણ પછી લેવાતી હતી પણ તે સમયે અમારી સ્કૂલમાં અંગ્રેજી ભાષાના શિક્ષણ અને વ્યાકરણ પર ખૂબ જ ધ્યાન આપવામાં આવતું હતું. WREN & MARTINનું વ્યાકરણનું પુસ્તક અને પાઠમાળા અંગ્રેજી શીખવા માટે ઘણાં ઉપયોગી હતાં અને અમે જ્યારે કૉલેજમાં પ્રવેશ કર્યો, ત્યારે કૉલેજમાં અંગેજી માધ્યમ હોવા છતાં અમે કોઈ મુશ્કેલી નહોતી અનુભવી. ધીરે-ધીરે આ બધી શાળાઓમાં અંગ્રેજીનું ધોરણ કથળતું ગયું અને કૉલેજોમાં અંગ્રેજી માધ્યમ હોવાથી ગુજરાતી વાલીઓ પોતાનાં સંતાનોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં મોકલતાં થયાં અને વખત જતાં આ ગુજરાતી માધ્યમની અગ્રગણ્ય ગણાતી શાળાઓનું અંગ્રેજી માધ્યમમાં પરિવર્તન થઈ ગયું. એ તો નિઃશંક છે કે માતૃભાષામાં સ્કૂલ કક્ષાએ શિક્ષણ લેવું વિદ્યાર્થી માટે ઉત્તમ છે. આજે એસ.એસ.સી.નો અભ્યાસક્રમ ૧૦ વર્ષનો હોવાથી જો, અંગ્રેજી ૫માં ધોરણથી શીખવવામાં આવે અને ૬ કે ૭ વર્ષ અંગ્રેજીનું શિક્ષણ વ્યવસ્થિત રીતે આપવામાં આવે, તો કૉલેજમાં અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીને શીખતી વખતે તકલીફ ન પડે તેવું મારું માનવું છે.

ગુજરાતી મા-બાપ કહેતાં હોય છે : 'મારું બાળક ગુજરાતી તો બોલે જ છે, પછી સ્કૂલમાં પણ એ શીખવવાની શી જરૂર છે? એને બદલે અંગ્રેજી ના શીખવીએ !'' આ તર્ક આમ તો અકાટ્ય લાગે, પણ એ ભૂલભરેલો છે. એને બદલે એક વાર બાળક ગુજરાતી સારું શીખી જાય પછી અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવું પણ એને માટે એકદમ સહેલું થઈ જાય છે. એટલે પ્રશ્ન ગુજરાતી વિરુદ્ધ અંગ્રેજીનો નથી. ઊલટું, સારું ગુજરાતી એ સારા અંગ્રેજી માટેનો મજબૂત પાયો બનાવે છે. આ સત્ય ગુજરાતી ભાષાની જેમ દેશની દરેક સ્થાનિક ભાષા - જેમકે હિન્દી, મરાઠી, બંગાળી વગેરેને લાગુ પડે છે. વિશ્વભરમાં કદાચ ભારત એક જ એવો દેશ હશે કે જ્યાં સ્થાનિક ભાષાઓ પૂર્ણ રીતે વિકસેલી અને સમૃદ્ધ હોવા છતાં પણ બાળકોને તેમના પાયાના શિક્ષણની શરૂઆત અન્ય દેશની પરદેશી ભાષા દ્વારા ફરજિયાત બની ગઈ છે.

આપણી માતૃભાષામાં જે સંવેદનશીલતા કે મીઠાશ છે અને જે શબ્દોની સમૃદ્ધિ છે, તે અંગ્રેજી કરતાં નિઃશંક ખૂબ જ ચડિયાતી છે. અંગ્રેજીમાં કાકા-કાકી કે મામા-મામી કે માસા-માસી બધાં માટે ફક્ત Uncle અને Auntie છે, તેવી રીતે દાદા-દાદી કે નાનાં-નાની માટે Grand Father અને Grand Mother છે. આપણે આપણા નામકરણથી જ આપણા સંબંધોને આગવીકરણ આપ્યું છે. આપણી સંસ્કૃતિ છોડશું, તો આપણે ઘણું ગુમાવશું.

કમનસીબે આજે એવો સમય આવ્યો છે કે બૃહદ્ મુંબઈમાં ગુજરાતી માધ્યમની એક સમયે અગ્રગણ્ય ગણાતી શાળાઓમાં, મોટા ભાગની શાળાઓમાં ગુજરાતી એક ભાષા તરીકે કે સેકન્ડ લૅંગ્વેજ તરીકે પણ હવે શીખવવામાં આવતી નથી. ગુજરાતી સમાજ દ્વારા સંચાલિત અને જ્યાં મોટા ભાગના વિદ્યાર્થીઓની માતૃભાષા પણ ગુજરાતી છે, ત્યાં આપણા વિદ્યાર્થીઓ માતૃભાષાના જ્ઞાનથી સંપૂર્ણપણે વંચિત રહે તે આપણા સમાજની કમનસીબી (કે નાલેશી !) છે. આ બધી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અંગ્રેજી ઉપરાંત હિન્દી, મરાઠી અને એક સેકન્ડ લૅંગ્વેજ તરીકે ફ્રેન્ચ પણ આપણા વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે, પણ તેઓ માતૃભાષાનો કક્કો પણ શીખવા પામતા નથી.

આ સંદર્ભમાં કેન્દ્રસરકારે જાહેર કરેલી પૉલિસી માટે સૌએ એક થઈને આ નિર્ણયને સમર્થન આપવાની જરૂર છે.

બી-૧૪૫/૧૪૬, મિત્તલ ટાવર, નરીમન પૉઇન્ટ, મુંબઈ - ૪૦૦૦૨૧ ફોનઃ ૦૨૨-૬૬૧૫૦૫૦૫, Email: jashwant@theemerald.com

# રજનીશઃ જરાસંધી વ્યક્તિત્વ! / હરેશ ધોળકિયા

ગઈ સદીના છઠ્ઠા દાયકામાં, કૉલેજમાં ભણતા હતા ત્યારે, ૧૯૬૪-૬૫ દરમિયાન, ત્યારે જ થોડા સમય પહેલાં (૧૯૬૧માં) ખૂલેલી સરકારી લાઈબ્રેરીમાં રોજ જવાનો ક્રમ હતો. વાંચવાનો ગાંડો શોખ. તેમાં પાછી એક નવી લાઇબ્રેરી ખૂલી હતી. એક એક કબાટ નવાં તાજાં પુસ્તકોથી છલકાતો હતો. પુસ્તકોમાંથી સુગંધ આવે. તે શરૂ થયાના સમયથી થોડા જ સમય પછી તેના સભ્ય થઈ ગયેલ અને દરરોજનાં બે પુસ્તક વાંચવાનો લહાવો લેતો હતો. દરરોજ બપોરે લાઈબ્રેરી ખૂલે કે અમે બે મિત્રો બારણાં પાસે જ ઊભા હોઈએ. પટાવાળો પ્રવેશે તે પહેલાં અમે દોડીને અંદર ઘુસી જતા અને કબાટ પાસે ઊભા રહી ઝીણી આંખે પુસ્તકોનાં નામ વાંચવાનો પ્રયાસ કરતા. પછી કબાટ પાસે જ ઊભા રહી એક પુસ્તક પૂરું કરતા અને બીજું ઘેર વાંચવા માટે લઈ લેતા. પછી વાચનાલયમાં જતા અને સામે પડેલ અનેક વૈવિધ્યસભર મૅગેઝિનો પર નજર કરતાં જ ઘોડા જેમ હણહણી ઊઠતા અને દોડીને એક ખુરશી પર બેસી જઈ ત્યાં પડેલ મૅગેઝિન વાંચવાનું શરૂ કરી દેતા. છેક સાંજે સાડા છ વાગ્યે લાઈબ્રેરી બંધ થાય ત્યારે સૌથી છેલ્લા બહાર નીકળતા. પાછા બીજા દિવસે હાજર. અને કયાં મૅગેઝિન વાંચતા, તે બાબતે અમે સેક્યુલર હતા. બધામાં રસ હતો. એટલે 'નવનીત' કે 'કુમાર' જેવાં તો વાંચીએ જ, પણ સાથે મુસ્લિમોનું આબેહયાત કે કોઈ ખેતીવાડીનું મૅગેઝિન કે શ્રી અરવિંદ આશ્રમનાં બે અઘરાં મૅગેઝિનો 'દક્ષિણા કે 'મધરઈન્ડિયા'માં પણ માથું મારતા. ટૂંકમાં,અમે બધાં જ મૅગેઝિનો, સમજાય કે ન સમજાય, વાંચતા. નોકરી શરૂ કરી ત્યાં સુધી આ ક્રમ ચાલુ રહેલ.

આ મૅગેઝિનોમાં એક ટચૂકડું મૅગેઝિન હતું 'દર્શન'. જાણીતા કવિ કરસનદાસ માણેક તેના તંત્રી. સરસ નાના લેખો આવે. વાંચવા ગમે તેવા. તે વાંચીએ. એક વાર તે લેખો વાંચતો હતો, ત્યાં અચાનક એક લેખ વાંચી ચમકી જવાયેલું કે ઓહો, આવો અદ્‌ભુત લેખ કોણે લખ્યો હશે? નામ વાંચ્યું તો લખ્યું હતું 'આચાર્ય રજનીશ.' આકર્ષાઈ ગયા. પછી તો દર મહિને તેમનો લેખ શોધવા લાગ્યા. અને સદ્‌ભાગ્યે મળે જ. એકએકથી ચડિયાતા લેખો. અદ્‌ભુત ભાષા, અદ્‌ભુત સમજાવટ. ડોલી જવાય. થોડા સમય પછી તો નવનીત-સમર્પણ 'મૅગેઝિનમાં પણ તેના લેખો આવવા લાગ્યા. આ લેખ પાછળ પાગલ થવાતું ગયું. તેમના વિશે તપાસ કરી તો જાણવા મળ્યું કે તે મધ્યપ્રદેશની કોઈ કૉલેજમાં પ્રોફેસર હતા. અમે તેમનાથી મોહિત થતા ગયા.હું તો ખાસ.

૧૯૬૮-૬૯ આસપાસ તેમનું પ્રથમ હિન્દી પુસ્તક પ્રકાશિત થયું : 'સંભોગ સે સમાધિ તક.' ડરતાં ડરતાં હાથમાં લીધું, પણ વાંચતો ગયો તેમતેમ નાચતો ગયો. લીટીએ લીટી કલ્પનાતીત સૌંદર્યથી છલકાયેલી. પછી તો તે અન્ય મિત્રોને પણ વાંચવા કહ્યું. અરે, ત્યારના વિદ્યાર્થીઓને પણ વંચાવ્યું. બધાએ વધાવ્યું. હું સંગીત શીખતો હતો તે ગુરુને પણ વંચાવ્યું. તે તો વાંચી તરત તેમના શિબિરમાં નારગોલ ચાલ્યા ગયા અને સંન્યાસી થઈને જ આવ્યા. ૬૯ ૭૦માં અલિયાબાડામાં બી.એડ્. કરવા ગયા, ત્યારે ગાંધીશતાબ્દી નિમિત્તે તેમનાં પ્રવચનો વાંચ્યાં. ગાંધીની વિરુદ્ધ લખતા. છતાં ગમતાં. ૧૯૭૦માં, અમારી પરીક્ષાને ચાર દિવસ બાકી હતા ત્યારે રાજકોટમાં પ્રવચનાર્થે આવ્યા. વાંચ્યું કે ડોલી ઊઠયા કે વાહ ! દર્શન કરવા મળશે. કૉલેજના આચાર્યની વિરુદ્ધ જઈ સાંભળવા ગયા અને ધન્ય થઈ પાછા આવ્યા. પછી તો સંગીતગુરુએ જે નવું પુસ્તક પ્રકાશિત થાય તે મંગાવવાનું શરૂ કર્યું. તેમની પાસે આવે ત્યારે રેપર જ હું ખોલું અને પ્રથમ હું જ વાંચે. તેઓ પ્રેમથી વાંચવા આપે. આમ એક પછી એક પુસ્તક વંચાતાં ગયાં, તેમના મય થવાતું ગયું. તેમના વિચારો લોહીમાં પ્રવેશી ગયા. અજ્ઞાતપણે ગુરૂ બની ગયા. અલબત્ત, સંન્યાસી તો ન જ બન્યો. તેમનાં લગભગ પુસ્તકો ૭૦-૮૦ના દાયકામાં વંચાઈ ગયાં. પછી તો તે વિવાદી બનતા ગયા. તેમના પ્રત્યે વિરોધ વધતો ગયો. છતાં મારા લેખોમાં તેમનો પ્રચાર હું ખુલ્લી રીતે કરતો. ક્યારેક જોખમનો સામનો પણ કરવો પડતો. પણ અનેક મિત્રોને તે વાંચતા કર્યા. પછી ધીમે-ધીમે છૂટતા ગયા. તેમનાં પ્રવચનો પણ ઘટતાં ગયાં. તે અમેરિકા ચાલ્યા ગયા. તે ગૌણ બનતા ગયા. અલબત્ત, આદર અક્ષુણ્ણ રહ્યો. તેમના નિમિત્તે બીજા પણ અનેક વિચારકોનો પરિચય થયો.

પછી થોડાં વર્ષ પછી ગુજરાતી નવલકથાકાર શ્રી અશ્વિન ભટ્ટે તેમના પર એક નવલકથા 'અંગાર' નામે બહાર પાડી. તેમાં તેમના આશ્રમમાં ચાલતા અનેક ગોરખધંધા બતાવ્યા. ભારે ઊહાપોહ થયો, પણ અમારા પર ખાસ અસર ન થઈ.

વર્ષો વીતતાં ગયાં. થોડાં વર્ષો પહેલાં અચાનક મુંબઈથી એક મિત્રનો ફોન આવ્યો કે મારે નેટફ્લિક્સ પર 'વાઇલ્ડ વાઇલ્ડ કંટરી' નામે એક છ કલાકનો કાર્યક્રમ જોવો. કારણ પૂછતાં જવાબ મળ્યો કે રજનીશના અમેરિકાના નિવાસ બાબતનો પ્રસંગો છે. મારી પાસે તો નેટફ્લિક્સ ન હતું. તેથી જોવાનો સવાલ જ ઊભો ન થયો. વાત પૂરી થઈ. પણ તે પછી ફરી થોડા સમય પછી એક જૂના વિધાથીએ કહ્યું કે તેણે આ છ કલાકના કાર્યક્રમને ડાઉનલોડ કર્યો હતો અને જોવો હોય તો તેના પાસે હતો. હા પાડતાં તે કમ્પ્યૂટરમાં ડાઉનલોડ કરી ગયો. સમયનો અભાવ એટલે તરત તો ન જોઈ શક્યો, પણ પછી જિજ્ઞાસા સળવળતાં એક કાર્યક્રમ જોવા વિચાર્યું. ગમશે તો બીજા જોવા એમ નક્કી કર્યું.

અને પહેલો એપિસોડ જોવાનું શરૂ કર્યું. જેમજેમ તે આગળ વધતો ગયો, તેમતેમ ફાળ પડવા માંડી. વર્ષોથી ઊભી કરેલ છબીમાં તીરાડ પડવાની શરૂઆત થઈ. હિમાલય પીગળવા લાગ્યો. તેનું કદ નાનું થવા લાગ્યું. બધા એપિસોડ જોયા. હચમચી જવાયું. બધા ખ્યાલો ઊંધા વળી ગયા. આજ સુધીનો મજબૂત માનેલ કિલ્લાના કાંગરા અચાનક ખરવા લાગ્યા. મૂંઝાઈ જવાયું, પણ ચૂપ રહ્યો.

આ એપિસોડોમાં મુખ્ય પાત્ર હતી મા શીલા. રજનીશની બીજી સેક્રેટરી. તે જ તેમને ભારતમાંનાં તેમનાં કૌભાંડોથી બચાવવા અમેરિકા તેડી ગઈ. ત્યાં ઓરેગન રાજ્યમાં રજનીશપુરમાં નગર જ વસાવ્યું. હજારો સંન્યાસીઓ ત્યાં વસ્યા. પણ આ સમગ્ર પ્રક્રિયા ગેરકાનૂની રીતે અને હિંસક રીતે અને ત્યાંના સ્થાનિકો પર ત્રાસ ગુજારી કરી, તેથી અમેરિકામાં હાહાકાર થઈ ગયો. રજનીશ પર કેસ ચાલ્યા. તેમને અને શીલાને જેલમાં જવું પડ્યું. રજનીશને તો હદપાર કર્યા અને તેમને ફરી ભારતમાં આવવું પડ્યું. તે નિરાશ થઈ ગયા. શીલાએ રજનીશ છોડી દીધા. તે જર્મની અને પછી આજે સ્વિટ્‌ર્લૅન્ડમાં નિવૃત્તિમાં રહે છે. ભયંકર હપતાઓ હતા. શ્રદ્ધાના પાયા હચમચાવી દીધા. એક બાજુ તેમની પ્રજ્ઞા પર આત્યંતિક આદર અને બીજી બાજુ આ દશ્યો — મગજ વિચલિત થઈ ગયું.

કદાચ ત્યાં વાત અટકી જાત, પણ થોડા સમય પહેલાં એક છાપામાં પુસ્તકરિવ્યૂમાં અચાનક એક પુસ્તક પર નજર પડી. નામ 'નથિંગ ટુ લૂઝ.' જોયું તો મા શીલાનું ચરિત્ર હતું. ફરી જિજ્ઞાસા સળવળી ઊઠી. થયું કે સંભવ છે, આમાં કશુંક નવું જાણવા મળે જે આશાસ્પદ હોય. એટલે મિત્ર

દ્વારા તરત મંગાવી લીધી અને આવતાંવેત વાંચવાનું પણ શરૂ કરી દીધું. પણ ફરી જેમજેમ વાંચતો ગયો, તેમ વધારે ને વધારે પરસેવો વળતો ગયો. આદરનો મહેલ કડકભૂસ થઈ ગયો..

આમ તો પુસ્તકમાં શીલાનું ચરિત્ર છે. તે પણ સોળમા વર્ષે રજનીશના આકર્ષણમાં આવી ગઈ. તેનામય થઈ ગઈ. અમેરિકા ભણવા ગઈ અને ત્યાં લગ્ન પણ કરી લીધાં. બન્ને રજનીશની સેવામાં પડી ગયાં. તેના માટે બધું છોડી દીધું. સંન્યાસી થઈ ગયાં. શીલા 'મા આનંદ શીલા' બની ગઈ. તન-મન-ધનથી તે રજનીશની બની ગઈ !

સમય જતો ગયો તેમતેમ રજનીશ બદલાવા લાગ્યા. વાતો ભલે ઊંચી ઊંચી કરતા હતા અને બધાને મોહ પમાડતા હતા, પણ પોતે વૈભવ અને શરીરમાં ફસાતા ગયા. અનેક ઘડિયાળો, મોટરકારો, રોલ્સરોયના કાફલા ને કાફલા ખરીદતા ગયા. અનેક સ્ત્રીઓ સાથે સંબંધ બાંધતા રહ્યા. તેમને પૂના નાનું પડવા લાગ્યું. પૂના પણ તેમના આ વ્યભિચારથી ત્રાસી ગયું. આ બધું શીલા જોતી હતી. તે સમજતી હતી, પણ મોહ તેને પણ બેભાન રાખતો હતો. છેવટે તેણે નક્કી કર્યું કે તેમને અમેરિકા જ તેડી જવા. ત્યાં ગઈ. યોગ્ય વિસ્તાર શોધ્યો. ત્યાંના બધા જ કાયદાઓ તોડી રજનીશપુરમ્ બનાવ્યું. અમેરિકાના અધિકારીઓને પણ લાંચ-લાલચ વગેરે જાળમાં ફસાવ્યા. રજનીશપુરી પાસે એટેલોપ નામનું નાનું નિવૃત્ત લોકોનું ગામ હતું. તેમને ભયથી ડરાવી ખૂબ હેરાન કર્યા. ગામનાં અનેક ઘરો ખરીદી લીધાં. ખોટી રીતે ચૂંટણી જીતી ગામ પર કબજો લીધો. ગામના નિવૃત્ત લોકોને બંદૂકોથી ડરાવી ઘરમાં રાખ્યા. ગામમાં હોટલો, રેસ્ટોરાં વગેરે બનાવી પ્રવાસનું સ્થળ બનાવી દીધું. ગામના લોકો શરૂઆતમાં તો ચૂપ રહ્યા, પણ પછી તેમનો ગુસ્સો વધવા લાગ્યો. તેમણે શાંત લડાઈ શરૂ કરી. કાનૂની માર્ગે ગયા. શરૂઆતમાં તો અધિકારીઓ ખરીદાઈ ગયા હતા, તેથી કશું ન બન્યું, પણ પછી રજનીશના શિષ્યોએ જ દારૂગોળો પૂરો પાડ્યો. ડ્રગ્ઝ, બૉમ્બધડાકો વગેરે બનાવો બનતા ગયા. નાણાકીય ગોટાળા બહાર આવતા ગયા. વ્યભિચારની તસ્વીરો પ્રકાશિત થવા લાગી. એટલે સરકાર જાગી. એફ.બી.આઈ.એ કેસ હાથમાં લીધો. તપાસ શરૂ થઈ. શીલાએ બધું જ દબાવવા પૂરા પ્રયાસ કર્યા, પણ હવે કચરો બહાર આવતો જ ગયો અને ભોપાળાં પ્રકાશિત થતાં ગયાં. રજનીશને તેની પરવા ન હતી. તેણે તો અમેરિકન સરકારને બેફામ ગાળો આપવાની શરૂઆત કરી. શીલા પણ તેમના વતી બેફામ બોલતી હતી. હવે સરકાર ચેતી અને બન્નેને પકડવાની તજવીજ શરૂ થઈ.

આ દરમિયાન શીલા પણ રજનીશની સતત માગણીઓથી કંટાળી. તેણે તેમને ખૂબ સમજાવ્યા, પણ રજનીશની ભૂખ તો અતૃપ્ત જ રહેતી હતી. એટલે શીલાએ રાજીનામું આપી દીધું અને થોડા સાથીઓ સાથે જર્મની ચાલી ગઈ.પણ સરકાર તેની પાછળ હતી. ત્યાંથી તેને પકડી અને અમેરિકા પાછી લાવી જેલમાં નાખી દીધી. થોડા વર્ષ જેલમાં રહી. આ દરમિયાન રજનીશને ભારત પાછા ધકેલી દીધા. જે રજનીશ ભારતને ગાળો આપતા હતા, તેમને પાછા ત્યાં જ આવવું પડ્યું. તે પણ નિરાશ થઈ ગયા. ૧૯૯૦ આસપાસ તે પણ મૃત્યુ પામ્યા. શીલા છૂટી થઈ સ્પેનમાં રહેવા લાગી. ત્યાં ફરી તેને સમાચાર મળ્યા કે સરકાર હજી તેની પાછળ હતી. એટલે તે સ્વિટ્ઝર્લૅન્ડ ચાલી ગઈ. ત્યાં તેણે વૃદ્ધ લોકો માટે કૅરહોમ શરૂ કર્યું અને આજે તે ચલાવે છે. આમ તો તે ગુમનામીમાં ચાલી ગઈ હતી, પણ આ 'વાઇલ્ડ વાઇલ્ડ કન્ટ્રી' ના છ હપતાના કારણે ફરી જાહેરમાં આવી ગઈ. તેમાં તેણે સંકોચ વિના બેફામ રીતે અભિપ્રાયો આપ્યા છે. કદાચ તેના કારણે જે પુસ્તકની લેખિકા મંબીના સંધુ આકર્ષાઈ અને તેનું ચરિત્ર લખ્યું છે.

પુસ્તક વાંચી મન ચગડોળે ચડી ગયું છે. કયા રજનીશ સાચા ? પુસ્તકમાં બોલે છે તે કે આ ચરિત્રમાં કે નેટફ્લિક્સમાં છે તે? તેમનાં કોઈ પણ પુસ્તક વાંચીએ તો બીજી જ પળે તેમાં તલ્લીન થઈ જવાય. રજનીશને વાંચવા એટલે સમાધિસ્થ થવું. અષ્ટાવક્ર હોય કે બુધ્ધ હોય, ગીતા હોય કે કબીર હોય કે મીરાં હોય, દરેકને તેમણે જે અદ્‌ભુત રીતે સમજાવેલ છે, તે જોઈ ચકિત થઈ જવાય છે. કોઈ શ્લોક હોય કે દોહો હોય કે કાવ્યની લીટી હોય, રજનીશ તેને એક વિશિષ્ટ રીતે જ સમજાવે છે. તેમનું એક પ્રવચન વાંચીએ, એટલે સમાંતરે બીજાં દસ વીસ પુસ્તકોનો સાર વાંચી લઈએ છીએ. અષ્ટાવક્રમાં કૃષ્ણમૂર્તિ વિશે ખ્યાલ મળે, તો કોઈ બીજામાં ફ્રૉઈડ કે શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનનો પરિચય મળે. નચિકેતા વાંચતાં-વાંચતાં આપણને આઇન્સ્ટાઈનના વિચારો સમજાવે. લીટીએ-લીટીએ ડોલી જવાય. અને તેમનું હિન્દી, અહાહા, નરી કવિતા ! આવું હિન્દી કેવળ દાદા ધર્માધિકારી કે વિમલા તાઈ પાસે સાંભળ્યું છે. અને તેમનો અવાજ ! હિપ્નોટિક ! જે પળથી સાંભળવાની શરૂઆત કરીએ કે બીજી જ પળે મુગ્ધ થઈ તેમાં એકાગ્ર થઈ જવાય. ક્યાં દોઢબે કલાક પસાર થઈ જાય તેનો ખ્યાલ પણ ન રહે. આટલો લાંબો સમય જાણે મિનિટોમાં પસાર થઈ ગયો હોય તેમ લાગે. તેમાં પણ જો રૂબરૂ સાંભળવાની તક મળે, તો તો તેમનું મોહક વ્યક્તિત્વ વધારાનો પ્રભાવ ઊભો કરે. સમગ્ર માહોલ જાણે એક ચુંબકીય પ્રભાવ ઊભો કરે. લાખો લોકો તેમના પ્રભાવમાં આવ્યા હતા અને કહે તે કરવા તૈયાર થઈ જતા, તે આ કારણે જ હતું. ભયંકર મોહક વ્યક્તિત્વ. જરાક સજાગ ન રહેવાય તો પળમાં તેમને વશ થઈ જવાય અને લાખો લોકો વશ થઈ જતા અને પોતાનું સર્વસ્વ ધરી દેતા. સ્ત્રીઓ તો શરીર સુધ્ધાં !

પણ સમય જતાં તેમણે આ મોહકતાનો અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરવો શરૂ કર્યો. સાક્ષાત્કારી હોવાનો દાવો કરનાર તેમણે વૈરાગ્યને બદલે ભવને પસંદ કરવાની શરૂઆત કરી. શિષ્યોના પૈસે ઘડિયાળો, પેનો, કારો-તેમાં પણ રોલ્સરોયલો ઢગલાબંધ એકઠા કરવા માંડ્યાં.

સાદા રૂમમાંથી વૈભવી મહેલમાં રહેવાની શરૂઆત કરી. વસ્ત્રો પણ બદલ્યાં, અને સૌથી મોટી વાત, પ્રેમની વાત કરનાર પોતે જાતીયતામાં ફસાઈ ગયા. દરરોજ નવી સ્ત્રીની માગણી કરવા લાગ્યા. શીલા કહે છે કે સવારે તે કારમાં શીલા સાથે ફરવા નીકળે અને રસ્તામાં બધા તરફ નજર કરતા રહે. જો કોઈ રૂપાળી સ્ત્રી દેખાઈ ગઈ, તો તરત શીલાને બતાવે અને પોતા પાસે મોકલવા કહે. અને તે સ્ત્રીને કહેવામાં આવે કે ભગવાન તેને મોક્ષ આપશે ! પેલી ફસાય અને જાય. ભગવાન તેનો ગુરુના નામે દુરુપયોગ કરી લે. તે શિષ્યોને બેફામ વર્તવાની પણ છૂટ આપે. એટલે આશ્રમ જવા જનારને દરેક સ્થળે સ્ત્રી-પુરુષો જાતીય વ્યવહારમાં જ ગૂંજાયેલાં જોવા મળે. આના ફોટા બહાર આવ્યા, ત્યારે હાહાકાર મચી ગયો હતો. રજનીશે તેને હસી કાઢેલ. આના પરિણામે ભારત અને અમેરિકા અને આશ્રમોમાં જાતીય રોગો ખૂબ વ્યાપક બની ગયા હતા. લગભગ બધા જ શિષ્યો તેનાથી પીડાતા હતા. સાથે લગભગ બધા ડ્રગ્ઝના બંધાણી. કહેવાતું કે રજનીશ પણ લેતા. આ બધાનો વ્યાપક પ્રભાવ ઊભો થયો, જેથી વિરોધ શરૂ થયો—પૂનામાં અને અમેરિકામાં.

આવા વૈભવના પરિણામે રજનીશની સલામતી જોખમમાં મુકાવા લાગી. એટલે રક્ષણ માટે રેડઆર્મી શરૂ કરાયું. અદ્યતન આધુનિક શસ્ત્રો ખરીદાયાં. આ પણ સરકારના નિયમોની વિરુદ્ધ હતું. અમુક પ્રકારનાં શસ્ત્રો તો કેવળ સરકારી લશ્કરમાં જ હોય. તે અહીં આવ્યાં. પાછા આર્મીના લોકો ખુલ્લી રીતે હાથમાં લઈ ગામના લોકોને ડરાવતા. સરકાર જવાબ માગે તો સરકાર હિટલરછાપ છે, ગૂંડી છે, ફાસિસ્ટ છે, ધર્મવિરોધી છે, એવી ગાળો રજનીશ જાહેરમાં આપે. છતાં સરકાર ચેતવે તો રજનીશ વતી શીલા બોલે કે તે સરકારને 'આંખ સાટે આખ' આપશે કે 'બન્ને ગાલ પર તમાચો મારશે.'

સમય જતાં શિષ્યોને જ્ઞાનથી પ્રભાવિત કરવા બદલે લાલચથી ફસાવવા લાગ્યા. રોલ્સરોય ખરીદવા રજનીશ અપીલ કરે કે 'જ્ઞાની પુરુષને શરીર ટકાવવા માટે ભૌતિક બાબતોની જરૂર રહે છે. જો તમે મને ત્રીસ રોલ્સરોય ખરીદી આપો તો મારું શરીર થોડા સમય માટે ટકશે. નવાઈની વાત કે અમેરિકન-યુરોપિયન શિષ્યો પણ આમાં ફસાઈ જાય અને આવેશમાં કરોડો રૂપિયા ધરી દે અને ગુરુની વાસના સંતોષે. આવા લોકોને છળની ભાષામાં રજનીશ કહે કે જેમણે પૈસા આપ્યા છે તેઓ આપોઆપ બોધીસત્ત્વ બની ગયા છે. શિષ્યો અહંકારમાં આવી જાય અને પોતાને બુદ્ધ માનવા લાગે. જોકે પછી રજનીશને લાગ્યું કે આ તો હરીફાઈ થાય છે એટલે બુદ્ધ બનાવવા બંધ કરી દીધા.

એન્ટેલોપમાં ચૂંટણી જીતવા બહુમતી કરવા આખા અમેરિકામાંથી બેઘરોને એકઠા કર્યા અને રાખ્યા અને જીત્યા. પણ આ લોકો તો ગૂંડા અને ખૂનીઓ હતા. તેમણે તો ધમાલ કરી નાખી. ખુદ શિષ્યોને હેરાન કરવા લાગ્યા. એટલે પાછા કાઢવા પડ્યા. આ જાહેરાતે અમેરિકામાં આઘાત પહોંચાડ્યો. ધમાલ થઈ ગઈ. તપાસ વધારે ગાઢ બની. પાછા ગયેલા આ લોકોએ વધારાની પોલ જાહેર કરી.

આ બધાના પરિણામે, સહજરીતે, રજનીશની પડતી શરૂ થઈ. અમેરિકાએ કાઢ્યા. બીજા કોઈ દેશે તેમને આશરો ન આપ્યો. છેવટે ગાળો આપતા હતા તે ભારતમાં જ આવવું પડ્યું અને નાક નીચું કરી પૂના પાછા આવ્યા. છેલ્લા દિવસો નિરાશામાં કાઢ્યા. તેમના છેલ્લા દિવસોનો એક વીડિયો જોયો છે. તેમાં તેમને અમેરિકાના પ્રમુખને ગાળો આપતા સાંભળ્યા હતા. એક સમયે જે એમ કહેતા હતા કે 'વિશ્વમાં જે કંઈ છે, તે કેવળ ઈશ્વર છે. આપણો વિરોધી પણ ઈશ્વર જ છે.' અને અચાનક આ ઈશ્વર ફરી વિરોધી બની ગયો ! વર્ષોથી ઊભો કરેલ પરપોટો અચાનક ફૂટી ગયો. એક અદ્‌ભુત વ્યકિતત્વ મોહ પાછળ ગાંડા થવાને લીધે વામન બની ગયું. બીજાને આપેલ જ્ઞાન પોતાને જ કામમાં ન આવ્યું. બધું જ વાચન, બધી જ સાધના, બધું જ જ્ઞાન વિવેક અને વૈરાગ્યના અભાવે વ્યર્થ બની ગયું. રજનીશના વ્યક્તિત્વના જરાસંધ જેમ બે ટુકડા થઈ ગયા. એક જ્ઞાની, બીજો સામાન્ય !

વાંક રજનીશ જેવાઓનો નથી, વાંક લોકોનો છે. ઝડપથી મોટાઈ જવાના કારણે લોકો અંધ બની જાય છે. ઝડપથી વિશ્વાસ મૂકી દે છે. પછી સત્યનું ભાન થાય છે તોપણ આંખ ખૂલતી નથી. બુદ્ધિ ખલાસ થઈ જાય છે. ગીતા કહે છે તેમ બુદ્ધિ નાશાત વિનશ્યતિ—બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.

માટે જ વિનોબા કહે છે કે 'આદર દૂરથી.' જેને માન આપો તેનાથી દૂર રહો. છેવટે તે માણસ છે. માણસની મર્યાદાઓ તેનામાં પણ હશે જ. તેનાં પાસેથી જ્ઞાન લઈ લો, પણ તેનાથી મોહાઓ નહીં. એટલે જ કૃષ્ણમૂર્તિ ગુરૂ બનાવવાની ના પાડે છે. બુદ્ધ તો સ્પષ્ટ કહે છે, 'આત્મદીપો ભવ.' પોતે જ પોતાના દીવા બનો. તો જ સત્ય મળશે.

છતાં એ તો કહેવું જ પડશે કે બુદ્ધિને પ્રજ્ઞા તરફ લઈ જવી હોય તો રજનીશને વાંચવા. અદ્‌ભુત છે. હા, વિવેકપૂર્વક વાંચવા અને શિષ્ય તો ન જ થવું.

ન્યૂ મિન્ટરોડ, ભુજ-કચ્છ(૩૭૦૦૦૧)

## બાપુ, ક્ષમાપ્રાર્થી છીએ અમે / નરેન્દ્ર ગૌડ (હિન્દી કવિતા)

દેશ-દુનિયાના નકશાથી
બહુ મોટી છે
મહાત્માગાંધીની છબી,
કોઈ પણ નક્શા
અને કોઈ પણ માપથી
બહુ મોટું છે તેમનું કદ.

સત્ય અહિંસા અને ધર્મને લઈ
તેમના સિદ્ધાંત
આજે પણ પ્રાસંગિક છે,
કારણ કે દુનિયાથી ભૂંસાઈ નથી
આજે પણ હિંસા
અને સત્ય ચોરે અને ચૌટે
વેચાઉ જણસની જેમ ઊભું છે.

હિંસાથી છલોછલ છે
દેશ-દુનિયાનાં અખબારો
અને આતંક ચારેય દિશાઓમાં
પ્રસરેલો છે.
કોઈ પણ કવિતા કે કોઈ પણ વાર્તા
કોઈ પણ કથાથી
બહુ મોટી છે
મહાત્માગાંધીની છબી.

તેમના સિદ્ધાંતોની પ્રાસંગિકતા
સમાપ્ત થવાનું નામ નથી લઈ રહી.
ભાગ્યેજ કોઈ દિવસ એવો જાય છે,
જ્યારે હિંસા-અત્યાચાર-બળાત્કારની
ઘટના ન ઘટતી હોય.
અન્યથા હિંસા-અનાચારની
એક બાજુ બોલબાલા છે અને એ જ
કારણ છે કે મહાત્માગાંધીની છબી
સતત મોટી થઈ રહી છે
અને મનુષ્ય અને ન્યાયનાં કદ
સતત થઈ રહ્યાં છે નાનાં.

આપની પ્રાસંગિકતાને
ટકાવી રાખવા માટે
બાપુ, ક્ષમાપ્રાર્થી છીએ અમે.

અનુ. **ભરત જોશી** -'પાર્થ મહાબાહુ'

સિનિયર પ્રોફેસર, IASE, શિક્ષણ વિદ્યાશાખા, ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૪. મોબાઇલ : ૯૮૨૫૬૮૪૪૫૪, (ઓ) ૦૭૯૪૦૦૧૬૩૪૩.

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

## તિર્યકી

# એક અપૂર્વ સંવાદ

હિમાંશી શેલત

**બ્રોકલી :** આમ તો હું જ ફૂલ જેવી દેખાઉં છું તો પછી મને કેમ પેલો ઊંચો દરજ્જો નહીં? હું કમળની નજીક નથી ?

**ફ્લાવર :** ના, કારણ કે ફૂલ જેવી ભભક મારી છે, તારી નહીં. મારો તો રંગ પણ શ્વેત, સ્વચ્છ અને પવિત્ર, વળી મને તો ઘણાં કહે છે ય ફૂલેવર, અર્થાત્ ફૂલોમાં વર, એટલે કે શ્રેષ્ઠ!

**બ્રોકલી :** જા, જા, એ તો કોઈને બોલતાં ન આવડે એમાં !

**ફ્લાવર :** એમ તો એમ, છતાં છું તો ફૂલથી નજીકને ? તું તો પરભોમની, અહીંની સંસ્કૃતિ અને સંસ્કારમાં તું શું સમજે?

**બ્રોકલી :** તનેય એવી કંઈ ખાસ ખબર નથી, અમસ્તી જ ડંફાસ હાંકે છે તે.

**ફ્લાવર :** આ લોકો ડ્રેગનફ્રૂટને હવે કમલમ્ કહેવાના છે એમ સાંભળ્યું. આમ તો આ નામ કર્ણપ્રિય છે, પણ એવા રાજકીય સંદર્ભો ખૂલે છે એટલું તો સાચું.

**બ્રોકલી :** તે ભલેને ખૂલતા, એમાં આપણે શી લેવાદેવા?

**ફ્લાવર :** એમ નહીં, માનો કે કોઈ ડ્રેગનફ્રૂટ બગડેલું નીકળ્યું, કોઈ બેસ્વાદ નીકળ્યું, કોઈમાં સડો લાગ્યો કે કોઈ ગંધાઈ ગયું તો...

**બ્રોકલી :** ફળ છે ભ'ઈ! આવું બધું તો ફળની નાતમાં ઘણું કૉમન ગણાય. સાવ કુદરતી.

**ફ્લાવર :** બરાબર, પણ હવે એને માટે જે નવું નામ વાપરવાનું છે તે મૂકીને, એટલે કે ડ્રેગન-ફ્રૂટને ખસેડીને ગોઠવીને વાક્ય બનાવ. ......માં સડો પેઠો, .......માંથી વાસ આવે છે, આ ...... સાવ ફેંકી દેવા જેવું છે... પછી? શું થશે એનું ભાન છે?

**બ્રોકલી :** ઓ માયગૉડ ! યુ હેવ અ પૉઇન્ટ! આ તો જબરી મુસીબત. જો ડ્રેગનફ્રૂટ ચલણમાંથી સાવ નીકળી જાય એને ઠેકાણે કમલમ્-કમલમ્ થઈ જાય તો તો...

**ફ્લાવર :** બસ, એ જ મારી ચિંતા છે. બગડેલાં ફળ માટે તમારાથી એક હરફ સુધ્ધાં નહીં બોલાય, બોલ્યાં તો માથે પસ્તાળ પડશે, તમે દેશદ્રોહી ઠરશો, જેલના સળિયા ગણવા પડશે, ત્યારે શું કરશો ?

**બ્રોકલી :** જરા થોભ. જો ડ્રેગનફ્રૂટ માટે નવો શબ્દ હોઈ શકે તો બગડેલાં ડ્રેગનફ્રૂટ માટેય નવીનક્કોર અભિવ્યક્તિ ના હોય ? ભેજું લડાવ તારું.

**ફ્લાવર :** એમ અધ્ધર વાત નહીં કરવાની. દાખલો આપ.

**બ્રોકલી :** આપુંને ! જેમકે આ ...... સ્વાદમાં હટકે છે, વિશિષ્ટ છે, કદાચ એની ઍક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ છે, અથવા આ ..... ઉદાર છે, એની અંદર જીવજંતુઓએ ઘર બનાવ્યું છે, છતાં વિરોધ નથી કરતું, અથવા તો આ ..... સાવ ફિક્કું છે, એમાં એનો દોષ નથી, કદાચ રસહીન ધરા થઈ છે અને.... આગળ છેને કશુંક? મને યાદ નથી તમારી એ પંક્તિઓ, આ તો મારી બાજુમાં શેરડીના સાંઠા પડ્યા રહેતા, એ લોકો પાસેથી સાંભળેલું.

**ફ્લાવર :** બધી માથાકૂટ છોડીને ડ્રેગનફ્રૂટની ખેતી જ બંધ કરી દેવા જેવી છે. કાયદો લાવી દેવાનો ફટ દઈને, પ્રતિબંધિત ફળ ગણો એને, ના રહે ફળ અને ના રહે એનું નામનિશાન. કાયદો લાવ્યા પછી તાકાત શી છે ડ્રેગનફ્રૂટની કે...? જે ખાય કે ખરીદે, એના પર કેસ ઠોકી દો.

**બ્રોકલી :** તે તારી વગ હોય તો સમજાવ ટોચ પર જે બેઠેલા છે એમને. મને તો એ બધી માથાકૂટ ફાવતી નથી. અને પારકી ગણાઉં એટલે કોઈ સાંભળે નહીં. બોલીબોલીને કરમાઈ જઈશ, અને લીલીછમ મટીને કાળી ઠીકરી જેવી થઈ જઈશ તોયે મારી વાત પહોંચાડી નહીં શકું! છે તારી કોઈ વગ-ઓળખ?

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com